Tuesday, 16 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ



આત્મવિશ્વાસનો એક જ અર્થ થાય છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા.
- મહાત્મા ગાંધીજી

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906
દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com
દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૭ ● સંવત-૨૦૮૨ નિજ જેઠ સુદ બીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## 'પ્રગતિ લોક યાત્રા' અંતર્ગત દમણ જિલ્લાના જનપ્રતિનિધિઓ સહિત ૮૦૦થી વધુ આગેવાન નાગરિકોએ દાનહના વિકાસ કામોનું કરેલું અવલોકન

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદથી સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અને કઠોર પરિશ્રમ દ્વારા કરાયેલા વિકાસ કામોથી રૂબરૂ થઈ ચૂંટાયેલા તમામ લોકપ્રતિનિધિઓ અને આગેવાન મુલાકાતીઓએ વ્યક્ત કરેલી પ્રસન્નતાઃ સેલવાસ-દાનહ જેવા આદિવાસી જિલ્લા-વિસ્તારના થઈ રહેલા ઓલ રાઉન્ડ વિકાસ અને લોક કલ્યાણના કામો પ્રત્યક્ષ રીતે નિહાળી ગદ્‌ગદિત થયા**













**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૫**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્ર સેવામાં ઐતિહાસિક ૧૨ વર્ષ પૂર્ણ થવા ઉપર અને દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા પ્રધાનમંત્રીના રૂપમાં તેમના યોગદાનના ઉપલક્ષમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશમાં 'પ્રગતિ લોક યાત્રા'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની કડીમાં આજે દમણ જિલ્લાના ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓ અને આગેવાનોએ દાદરા નગર હવેલીમાં થઈ રહેલા વિકાસ કામોનું અવલોકન કર્યું હતું.

આજે દમણ નગરપાલિકાના કાઉન્સિલરોની ટીમ, દમણ જિલ્લા પંચાયતના સભ્યો, દમણ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યો તથા આગેવાન સ્થાનિક નાગરિકોની સાથે દાદરા નગર હવેલીમાં વિવિધ અદ્યતન પરિયોજનાઓ અને જનહિત કાર્યોની મુલાકાત લઈ અવલોકન કર્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદથી સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અને કઠોર પરિશ્રમ દ્વારા કરાયેલા વિકાસ કામોને નિહાળી ચૂંટાયેલા તમામ લોકપ્રતિનિધિઓ અને આગેવાન મુલાકાતીઓ ખૂબ જ પ્રસન્ન થયા હતા અને સંઘપ્રદેશના સેલવાસ-દાદરા નગર હવેલી જેવા આદિવાસી જિલ્લા-વિસ્તારના થઈ રહેલા ઓલ રાઉન્ડ વિકાસ અને લોક કલ્યાણના કામો નિહાળી ગદ્‌ગદિત થયા હતા.

'પ્રગતિ લોક યાત્રા' દરમિયાન પ્રતિનિધિ મંડળે નમો મેડિકલ કોલેજ અને મેડિકલ હોસ્પિટલ, સ્વામિ વિવેકાનંદ સ્કૂલ ઝંડાચોક, સાયલી સ્ટેડિયમ, તથા સ્પોર્ટ્સ એરેના ફલાય ઓવર અંડરસ્પેસ જેવી મહત્ત્વની પરિયોજનાઓ અને આધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે દમણ જિલ્લા અને શહેરના ૮૦૦થી વધુ આગેવાન નાગરિકો અને જનપ્રતિનિધિઓએ દાદરા નગર હવેલીમાં થઈ રહેલા વ્યાપક વિકાસ કામોની સરાહના કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં સંઘપ્રદેશ નિરંતર વિકાસ અને આધુનિક સુવિધાઓની દિશામાં અગ્રેસર બની ચૂક્યો છે.

'પ્રગતિ લોક યાત્રા'ના માધ્યમથી આમ જનતાને વિકાસ કામોથી માહિતગાર કરાવવા અને સરકારની જનહિતકારી યોજનાઓ તથા ઉપલબ્ધિઓને જનજન સુધી પહોંચાડવાનો નિરંતર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## દીવ પોલીસે ૪૦ ખોવાયેલા મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત કર્યા










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૫**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં દીવ પોલીસને વધુ એક નોંધપાત્ર સફળતા મળી છે. દીવ પોલીસ સ્ટેશન, કોસ્ટલ પોલીસ સ્ટેશન વણાંકબારા, સાયબર સેલ ટીમ અને સ્પેશિયલ સ્ટાફની સંયુક્ત કામગીરી હેઠળ કુલ ૪૦ ખોવાયેલા અથવા ગુમ થયેલા મોબાઈલ ફોન સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા છે. આ તમામ મોબાઈલ ફોનની અંદાજિત કિંમત આશરે રૂા.૪.૬૮ લાખ હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર કામગીરી દીવના પોલીસ અધિક્ષક અને સબ-ડિવિઝનલ પોલીસ અધિકારીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી હતી. સાયબર સેલ અને પોલીસ સ્ટાફના સતત તથા સંકલિત પ્રયાસોના પરિણામે અદ્યતન ટેક્નોલોજી, ડિજિટલ સર્વેલન્સ અને ઝીણવટભરી તપાસ દ્વારા વિવિધ વિસ્તારોમાંથી મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી.

પુનઃપ્રાપ્ત કરાયેલા તમામ મોબાઈલ ફોન તેમના હકદાર માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા, જેના કારણે અસરગ્રસ્ત નાગરિકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. સાથે જ પોલીસ પ્રત્યે લોકોનો વિશ્વાસ અને ભરોસો વધુ મજબૂત બન્યો છે.

- (વધુ પાના નં.૨ પર)

## દીવમાં આયુષ્માન ભારત ડિજિટલ મિશન(એબીડીએમ) હેઠળ 'મોડેલ ડિસ્ટ્રીક્ટ' કાર્યશાળા યોજાઈ

**દીવ જિલ્લાએ ૧૦૦ ટકા એબીડીએમ-સક્ષમ ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ હાંસલ કરીને દેશના પ્રથમ જિલ્લા તરીકે પ્રાપ્ત કરેલી ઐતિહાસિક સિદ્ધિ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) હેઠળ આજે 'મોડેલ ડિસ્ટ્રીક્ટ' વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ડિજિટલ હેલ્થ સેવાઓના ક્ષેત્રમાં દીવ જિલ્લાને દેશ માટે રોલ મોડેલ તરીકે વિકસાવવા અને ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીવ જિલ્લાએ ૧૦૦ ટકા એબીડીએમ-સક્ષમ ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ હાંસલ કરીને દેશના પ્રથમ એવા જિલ્લા તરીકે ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જેણે ડિજિટલ હેલ્થ સેવાઓના ક્ષેત્રમાં એક નવું સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. આ સિદ્ધિને કારણે દીવને ડિજિટલ હેલ્થ ટ્રાન્સફોર્મેશનના અગ્રણી કેન્દ્ર તરીકે ઓળખ મળી રહી છે.

આ પહેલ હેઠળ જિલ્લાના તમામ નાગરિકો માટે ABHA ID બનાવવાની કામગીરી, હેલ્થકેર ફેસિલિટી રજિસ્ટ્રી (HFR) અને હેલ્થકેર પ્રોફેશનલ રજિસ્ટ્રી (HPR)માં સરકારી તથા ખાનગી આરોગ્ય સંસ્થાઓ અને આરોગ્ય વ્યાવસાયિકોની નોંધણી તેમજ ડિજિટલ હેલ્થ સર્વિસીસના સંકલિત અમલીકરણને સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

વર્કશોપમાં રાજ્ય મિશન ડિરેક્ટર (ABDM) તથા મિશન ડિરેક્ટર (NHM) શ્રી અમિત કુમાર પામસી, જિલ્લા નાયબ કલેક્ટર શ્રી શિવમ મિશ્રા, રાજ્ય નોડલ અધિકારી (ABDM) ડૉ.તપન દેસાઈ, DMC અધ્યક્ષ શ્રી હરેશ પાંચા, જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રીમતી રજિતાબેન કોટિયા, આરોગ્ય અધિકારી ડૉ. પ્રતાપ સોનોન તથા જિલ્લા હોસ્પિટલના ડૉ.સાહુ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી અને ABDMના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ (NHA), નવી દિલ્હીના શ્રી અરુણ કુમાર અને શ્રી રતુલ દાસે મોડેલ ડિસ્ટ્રીકટના ઉદ્દેશ્યો, કાર્યપદ્ધતિ અને વિવિધ હિસ્સેદારોની ભૂમિકાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા NHAના ડિરેક્ટર ડૉ.પંકજ અરોરાએ ડિજિટલ હેલ્થકેર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવામાં દીવની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

વર્કશોપમાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, આરોગ્ય નિષ્ણાંતો, ખાનગી ડોક્ટરો, ખાનગી હોસ્પિટલોના પ્રતિનિધિઓ તેમજ મેડિકલ સ્ટોર સંચાલકો સહિત મોટી સંખ્યામાં હિસ્સેદારોએ ભાગ લીધો હતો. ABDMના એન્ડ-ટુ-એન્ડ અમલીકરણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

- (વધુ પાના નં.૨ પર)

|| અવસાન ||



**સ્વ. ધનસુખભાઈ ભગુભાઈ પટેલ**
જન્મ તા. 28-01-1965 | સ્વ. તા. 14-06-2026

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી ધનસુખભાઈ ભગુભાઈ પટેલ નું રવિવારતા. 14-06-2026નાં રોજ દેવલોક પામ્યા છે.

બેસણું :- તા. 19-06-2026 ને શુક્રવારના રોજ
અગિયારમું :- તા. 24-06-2026 ને બુધવારના રોજ

લિ.
સંધ્યાબેન ધનસુખભાઈ પટેલ (પત્ની)
દીપ ધનસુખભાઈ પટેલ (પુત્ર)
ધ્રુવ ધનસુખભાઈ પટેલ (પુત્ર)
નગીનભાઈ ભગુભાઈ પટેલ (ભાઈ)
રાજેન્દ્રભાઈ ભગુભાઈ પટેલ (ભાઈ)
નરેન્દ્રભાઈ ભગુભાઈ પટેલ (ભાઈ)
તથા સમસ્ત પરિવાર
સ્થળ : દાભેલ, આમલિયા ફળિયા, દમણ

**તમારાં જૂનાં બેંક ખાતામાં રાખેલાં નાણાં ભૂલી ગયાં છો?**



જે તમારાં છે એ પાછાં મેળવવામાં આરબીઆઈ તમને સહાયતા કરશે.

તમારી બેંકના નિષ્ક્રિય ખાતાંમાં (2 વર્ષ કરતાં વધારે અને 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહેલાં) રહેલાં નાણાં/ દાવો ના કરાયેલ ડિપોઝિટ (10 વર્ષથી અધિક) આરબીઆઈના ડીઈએ ખાતામાં ટ્રાન્સફર થાય છે. તમે અથવા તમારા કાયદાકીય વારસદાર ગમે ત્યારે દાવો કરી શકે છે.

**તમારાં નાણાં માટે દાવો કરવાનાં 3 સરળ પગલાં**

1. તમારી બેંકની કોઈપણ શાખાની મુલાકાત લો, એ ભલે તમારી નિયમિત શાખા ના હોય તો પણ
2. કેવાયસી દસ્તાવેજોની (આધાર, પાસપોર્ટ, વોટર આઈડી, અથવા ડ્રાઈવિંગ લાયસન્સ) સાથે ફોર્મ જમા કરો
3. ચકાસણી પછી, જો કોઈ હોય તો, તમારાં નાણાં વ્યાજ સહિત મેળવો.




**તમારી દાવો ના કરાયેલ ડિપોઝિટ શોધવા**

તમારી બેંકની વેબસાઈટ સર્ચ કરો અથવા આરબીઆઈનું UDGAM પોર્ટલ તપાસો
**(https://udgam.rbi.org.in)**
જેમાં હાલમાં 30 બેંક આવરી લેવામાં આવી છે.

વધુ વિગતો માટેઃ
**https://rbikehtahai.rbi.org.in** મુલાકાત લો
પ્રતિસાદ માટે, **rbikehtahai@rbi.org.in** પર લખી મોકલો
ક્યૂઆર કોડ સ્કેન કરો
**અધિકૃત વૉટ્સએપ નંબર 99990 41935**

જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in




## સુવિચાર - સદ્‌વિચાર

ખોટા આરોપની ક્યારેય ચિંતા ના કરશો
કેમકે સમયનું ગ્રહણ તો ચાંદને પણ લાગે છે

## કવિતા-ભજન-પદ-ગરબા

### આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું

આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું,
રેત પર જેમ પાગલ સમીરે લખ્યું.

કોરા કાગળ ઉપર બસ સખી રે! લખ્યું,
એથી આગળ નથી મેં લગીરે લખ્યું.

મજનૂ ફરહાદ મહિવાલ હીરે લખ્યું,
લીરે લીલરે ને આખા શરીરે લખ્યું.

રોજ માણસ ઘવાતો રહ્યો ચુપચાપ,
જે લખ્યું તે નીતરતા ઝમીરે લખ્યું.

જો લખું આજે હું તો બીજું શું લખું?
ગાલિબે એ લખ્યું એ જ મીરે લખ્યું.

આપણે ક્યાં કદી કંઈ લખ્યું છે 'રઈશ'?
એક મીરાંએ લખ્યું એક કબીરે લખ્યું.

- રઈશ મનીઆર

## આજની જોક

તોફાની ટીનીયાએ તેના પપ્પાને પૂછ્યું :
પપ્પા, લગ્ન કરવા હોય તો કેટલો ખર્ચ થાય?
પપ્પા : ખબર નહિ બેટા, મારું ખર્ચવાનું હજુ ચાલુ જ છે...

## કબીર વાણી

**ભુપ દુખી અબધુ દુખી, દુખી રંક બિપરીત;**
**કહે કબીર એ સબ દુખી, સુખી સંત મન જીત.**

**- અર્થાત-**

રાજા પણ દુઃખી, રૈયત પણ દુઃખી અને એ રીતે ગરીબ તવંગર સૌ એક સરખાં દુઃખીજ હોય છે; માત્ર જેણે પોતાનાં મનને જીત્યું તેજ માણસ ખરો સુખી છે.

## આજનો દિન વિશેષ

### હેમંત કુમાર

હેમંત મુખોપાધ્યાય (૧૬ જૂન ૧૯૨૦ - ૨૬ સપ્ટેમ્બર ૧૯૮૯), જે વ્યાવસાયિક રીતે હેમંત મુખર્જી અને હેમંત કુમાર તરીકે જાણીતા છે, એક ભારતીય સંગીત દિગ્દર્શક અને પાર્શ્વ ગાયક હતા જેમણે મુખ્યત્વે બંગાળી અને હિન્દીમાં ગાયું હતું, સાથે સાથે મરાઠી, ગુજરાતી, ઓડિયા, આસામી, તમિલ, પંજાબી, ભોજપુરી, કોંકણી, સંસ્કૃત અને ઉર્દૂ સહિત ઘણી અન્ય ભારતીય ભાષાઓમાં પણ ગાયું હતું. તેઓ બંગાળી અને હિન્દી ફિલ્મ સંગીત, રવીન્દ્ર સંગીત અને અન્ય વિવિધ શૈલીઓમાં કલાકાર હતા. તેમને શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક ગાયક માટે બે રાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત થયા હતા અને તેઓ ''ભગવાનના અવાજ'' તરીકે જાણીતા હતા.

હેમંતનો જન્મ ઉત્તર પ્રદેશના વારાણસીમાં તેમના નાનાના ઘરે થયો હતો, જ્યાં તેમના દાદા ચિકિત્સક તરીકે સેવા આપતા હતા. તેમના પૈતૃક પરિવારનો જન્મ જયનગર માજીલપુરથી થયો હતો અને ૧૯૦૦ ના દાયકાની શરૂઆતમાં તેઓ કોલકાતા સ્થળાંતરિત થયા હતા. કોલકાતામાં ઉછર્યા પછી, તેમણે પ્રારંભિક શિક્ષણ નસિરુદ્દીન સ્કૂલમાં મેળવ્યું અને પછી ભવનીપુરની મિત્ર ઈન્સ્ટિટ્યૂશન સ્કૂલમાં સ્થાનાંતરિત થયા. શાળાના વર્ષો દરમિયાન, તેમણે સુભાષ મુખોપાધ્યાય સાથે કાયમી મિત્રતા બંધાવી, જે પાછળથી પ્રખ્યાત કવિ અને લેખક સંતોષ કુમાર ઘોષ બન્યા.

**પુરસ્કારો**

૧૯૫૬: ફિલ્મફેર શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનો એવોર્ડ: નાગિન, ૧૯૭૧: શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગર માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર: નિમંત્રણ, ૧૯૬૨ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''સ્વરાલિપી'': જીત્યો, ૧૯૬૩ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર (હિન્દી): ''બીસ સાલ બાદ'': જીત્યો, ૧૯૬૪ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''પલટક'' જીત્યો, ૧૯૬૭ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''મોનિહાર'' જીત્યો, ૧૯૬૮ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''બાલિકા બધુ'' જીત્યો, ૧૯૭૦ : પદ્મશ્રી (ના પાડી), ૧૯૭૨ : BFJA બેસ્ટ મેલ પ્લેબેક સિંગર એવોર્ડ: ધન્ની મેયે: જીત્યો, ૧૯૭૫ : BFJA બેસ્ટ મેલ પ્લેબેક સિંગર એવોર્ડ: ફુલેશ્વરી: જીત્યો, ૧૯૭૫ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''ફૂલેવારી'' જીત્યો, ૧૯૭૬ : BFJA બેસ્ટ મેલ પ્લેબેક સિંગર એવોર્ડ: પ્રિયા બંધોબી : જીત્યો, ૧૯૮૬ : શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગર માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર: લાલન ફકીર, ૧૯૮૬: સર્જનાત્મક અને પ્રાયોગિક સંગીત માટે સંગીત નાટક અકાદમી પુરસ્કાર. ૧૯૮૬ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''ભાલોબાસા ભલોબાસા: જીત્યો, ૧૯૮૭ : પદ્મ ભૂષણ (ના પાડી), ૧૯૮૭ : BFJA શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''પાથભોલા'':જીત્યો, ૧૯૮૮ : શ્રેષ્ઠ સંગીત નિર્દેશક પુરસ્કાર: ''આગોમન'' જીત્યો, ૧૯૮૫ : માનદ ડી.લિટ. વિશ્વભારતી યુનિવર્સિટી દ્વારા, ૧૯૮૬ : સંગીત નાટક અકાદમી પુરસ્કાર, ૧૯૮૮ : માનદ ડી.લિટ. કલકત્તા યુનિવર્સિટી દ્વારા, ૧૯૮૯ : માઈકલ મધુસુદન પુરસ્કાર, ૨૦૧૨ : બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ સન્માન, ૨૦૧૨: મુક્તિ યુદ્ધ સન્માનના મિત્રો (મરણોત્તર),

૧૯૭૧ : યુએસ સરકારે હેમંતને બાલ્ટીમોર, મેરીલેન્ડનું નાગરિકત્વ આપીને સન્માનિત કર્યા; તેઓ યુએસ નાગરિકત્વ મેળવનારા ભારતના પ્રથમ ગાયક હતા.

## ઔષધી

ખોરાકમાં ભાત, મગ, મગની દાળ, મગનું ઓસામણ, તુવરદાળનું પાણી, દૂધી, પરવર, ઘીંસોડા અને તાંદળજાની ભાજીનું શાક, દૂધ, છાશ વગેરે સાદો અને હળવો ખોરાક લેવો.

તેલ ઘીમાં તળેલા પધાર્થો, અથાણા, ચટણી પાપડ, કંદોઈની દૂકાનની ચીજો, બહારની દરેક વસ્તુઓ, ચા, કોફી, તમાકુ, ટાઢું વાશી ધાન, ઠંડા પીણાઓ, દૂધપાક, શીખંડ જેવા ભારે પદાર્થો, આઈસ્ક્રીમ વગેરેનો સંપુર્ણ બહિષ્કાર કરવો. કોઈપણ પ્રકારના અજીર્ણમાં ઉપવાસ એ ઉત્તમ ઉપાય છે. ઉપવાસથી હોજરીમાં રહેલાં દૂષિત તત્ત્વો બળીને સ્વચ્છ બની જાય છે.

# ઉમરગામના દેહરી ગામે 'સ્વચ્છતા હી સેવા'ના સંકલ્પ સાથે પ્રારંભ કરેલું સફાઈ અભિયાન

### પંચાયતના હોદ્દેદાર અને સોસીયો કલીનર્સના સંયુક્ત ઉપક્રમે સતત ૩૦ દિવસ સુધી ચાલનારા સફાઈ અભિયાનના આજના ત્રીજા દિવસે કોસ્ટલ હાઈવે ચાર રસ્તાથી કામરવાડી વિસ્તારને કરવામાં આવેલો ટાર્ગેટ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૫**

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૧૨વર્ષ પૂર્ણ થતાં દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે ઉંમરગામના દેહરી ગામમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા અને સ્વચ્છ ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા દેહરી ગ્રામ પંચાયત તથા સોસીયો કલીનર્સના સંયુક્ત ઉપક્રમે દેહરી ગામમાં 'સ્વચ્છતા હી સેવા'ના સંકલ્પ સાથે સતત ત્રીસ દિવસ સુધી સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જેમાં ગતરોજ શિતલ ટાઉનશીપથી કટવાર વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આજરોજ કોસ્ટલ હાઈવે ચાર રસ્તાથી કામરવાડ વિસ્તાર સુધીના ભાગને આવરી લેવામાં આવ્યો હતો.

આ સફાઈ અભિયાનમાં સોસીયો કલીનર્સ ટીમના શ્રી નિખિલભાઈ ધોડી, શ્રી પ્રનિતભાઈ અને સમગ્ર ટીમ તથા દેહરી ગામના સરપંચ શ્રી ધનેશભાઈ, ઉપસરપંચ શ્રી ઉમેશભાઈ સોલંકી, જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી વંદનાબેન માહ્યાવંશી, તાલુકા પંચાયતના સભ્ય શ્રીમતી







કાજલબેન હળપતિ તથા ગ્રામ પંચાયતના સભ્યો સહિત સમગ્ર ટીમ અને સેવાભાવી લોકો મળી ૧૦૦થી વધુ લોકો જોડાયા છે.

વધુમાં, ઉંમરગામના દેહરી ગામે ૩૦ દિવસમાં 'મારૂ ગામ, સ્વચ્છ સુંદર અને પ્લાસ્ટિક મુક્ત બનાવીશું' એવો સંકલ્પ લીધો છે. જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રને પણ એવી ખાતરી આપી હતી કે ગામને સ્વચ્છ સુંદર અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા રોજે રોજ સફાઈ અવિરતપણે ચાલુ રહેશે. 'સ્વચ્છતા મારી ફરજ, મારો અધિકાર, સ્વચ્છતા હી સેવા હે'ના સંકલ્પ સાથે ગ્રામજનોને અને સેવાભાવી લોકોને ગામમાં સાફ-સફાઈ રાખવામાં મદદ કરવા તેમજ પંચાયતને સહયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

**૨૬થી ૨૮ જુન ૨૦૨૬ દરમિયાન**

# વિશ્વની સૌથી મોટી યુવા નેતૃત્વવાળી સંસ્થા I.I.M.U.N. દ્વારા વાપીમાં યોજાનારી શહેર કક્ષાની પરિષદ

### ૪૦ દેશોના ૨૭૫ શહેરોમાં પોતાની હાજરી સાથે ઈન્ડિયાઝ ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટ નેશન્સે પરિષદો દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી વૈશ્વિક પડકારો અને તેના ઉકેલ માટેનું પૂરૂ પાડેલું મંચ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

વિશ્વની સૌથી મોટી યુવા-નેતૃત્વવાળી સંસ્થા તરીકે ઓળખાતી ઈન્ડિયાઝ ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટ નેશન્સ (I.I.M.U.N.) નું ધ્યેય આજના અને આવનારા નેતાઓને ભારતીય મૂલ્યો અને વિચારધારાના આધારે એકત્રિત કરવાનું છે. વૈશ્વિક પડકારો પર ચર્ચા અને ઉકેલ માટેનું મંચ પૂરૂ પાડીને, I.I.M.U.N. યુવાનોને સશક્ત બનાવે છે અને તેમને ભવિષ્યના માર્ગદર્શક તથા નેતા તરીકે ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ૪૦ દેશોના ૨૭૫ શહેરોમાં પોતાની હાજરી સાથે, I.I.M.U.N.એ તેના M.U.N. પરિષદો દ્વારા ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે.

હવે I.I.M.U.N.એ વાપીમાં પણ પોતાની હાજરી વિસ્તારી છે અને ૨૬થી ૨૮ જૂન, ૨૦૨૬ દરમિયાન સ્થાનિક શાળાઓના સહયોગથી શહેર કક્ષાની પરિષદનું આયોજન કરી રહ્યું છે. આ પરિષદનો હેતુ વાપીના વિવિધ ક્ષેત્રોમાં સક્રિય યુવાનોને પ્રેરિત કરવાનો અને તેમને પોતાના શહેરનું પ્રતિનિધિત્વ કરવાની તક આપવાનો છે, જેથી પરિષદના મુખ્ય ઉદ્દેશ્યો સિદ્ધ થઈ શકે.

પરિષદની શરૂઆત ભવ્ય ઉદ્ઘાટન સમારોહથી થશે, જેમાં વિવિધ ક્ષેત્રોની યુવા પ્રતિભાઓ ભાગ લેશે અને અર્થપૂર્ણ સંવાદમાં જોડાશે. આપની સક્રિય હાજરી અને સહભાગિતા યુવાનોમાં પ્રેરણા, જાગૃતિ અને સકારાત્મક વિચારધારાનો વિકાસ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

ઉદ્ઘાટન સમારોહ બાદ ત્રિદિવસીય શૈક્ષણિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.આ દરમિયાન વિવિધ સમિતિઓમાં વિદ્યાર્થીઓ સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ઊર્જાસભર ચર્ચાઓ અને વાદ-વિવાદોમાં ભાગ લેશે. આ સમિતિના સત્રો વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ, આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા અને અસરકારક સંવાદ કૌશલ્યો વિકસાવવામાં મદદરૂપ બનશે.પરિષદનો સમાપન એક ગૌરવપૂર્ણ સમારોહ સાથે કરવામાં આવશે, જેમાં દરેક સમિતિના શ્રેષ્ઠ પ્રતિનિધિઓને સન્માનિત કરવામાં આવશે અને તેમના યોગદાનની કદર કરવામાં આવશે.

વાપીમાં યોજાનારી આ શહેર કક્ષાની પરિષદ ભારતના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવવા તથા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે જરૂરી વિચારો, સંસાધનો અને યુવા શક્તિને એકત્રિત કરવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

# સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ દીવના નાગવા બીચ ખાતે કલેક્ટરના જાહેરનામાંનું ઉલ્લંઘન

### પ્રવાસીઓ દ્વારા દરિયામાં ડૂબકી લગાવવાનું નિરંતર ચાલુ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૫**

દર વર્ષ ચોમાસામાં સમુદ્રમાં કરંટ હોવાના કારણે દરિયામાં ન્હાવા અને નજીક જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. છતાંય અનેક પ્રવાસી જાહેરનામાનો જાહેરમાં ઉલ્લંઘન કરી બીચ પર ડૂબકી લગાવતા કેમેરામાં કેદ થયા છે.



સ્થાનિકોના મતે દીવ પોલીસ લોકોને દૂર કરવા આવે છે, પરંતુ પ્રવાસીઓ બીજી તરફથી બીચ ઉપર ઘૂસી જઈ જીવનું જોખમ લઈ રહ્યા છે.ભૂતકાળમાં ચોમાસા દરમિયાન દીવના સમુદ્રમાં અનેક ઘટનાઓ બની ચૂકી છે, જેને લઈ પ્રવાસીઆની સલામતી માટે જાહેરનામું ત્રણ મહિના સુધી ફરમાવવા આવે છે અને બીચ ઉપર બેનરો પણ લગાવવામાં આવ્યા છે.

તેમ છતાં પ્રવાસીઓ દ્વારા આ લગાવવામાં આવેલા બોર્ડોને અવગણીને દરિયામાં ડૂબકી લગાવી રહ્યા છે.

# જૈનમે તેના ડિજિટલ પ્લેટફોર્મની ઓળખનું કર્યુ એકીકરણ, 'JLite' હવે 'જૈનમએપ' તરીકે કાર્યરત થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૫**

એન્ડ-ટુ-એન્ડ ફાઈનાન્શિયલ સર્વિસીસ કંપની 'જૈનમ' દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે કે, કંપનીનું ડિજિટલ ટ્રેડિંગ અને ઈન્વેસ્ટિંગ પ્લેટફોર્મ 'JLite' હવેથી 'જૈનમએપ' (Jainam App) તરીકે કાર્યરત થશે. આ ફેરફાર કંપનીના ડિજિટલ પ્લેટફોર્મને એકીકૃત જૈનમ ઓળખ હેઠળ લાવવા માટે કરવામાં આવ્યો છે. જૈનમ એપમાં કંપનીની આ રૂપાંતરિત બ્રાન્ડ ઓળખ અને પ્રતીક (Icon) નો સમાવેશ કરવામાં આવશે.




આ પરિવર્તન જૈનમની વ્યાપક બ્રાન્ડ ઉત્ક્રાંતિ (Brand Evolution)નો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે તેના ગ્રાહકોને તમામ સેવાઓમાં વધુ સીમલેસ અને સાતત્યપૂર્ણ અનુભવ પ્રદાન કરવાના કંપનીના હેતુને પ્રતિબિંબિત કરે છે. પોતાના ડિજિટલ પ્લેટફોર્મને જૈનમની બ્રાન્ડ ઓળખના રૂપાંતરણ સાથે જોડીને, કંપનીનો ઉદ્દેશ્ય બ્રાન્ડની સ્વીકૃતિને વધુ મજબૂત કરવાનો, ગ્રાહકના જોડાણને સરળ બનાવવાનો અને તમામ ટચ પોઈન્ટ્સ પર એકસમાન અનુભવ પૂરો પાડવાનો છે.

જૈનમના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મિલન પરીખે જણાવ્યું હતું કે, જૈનમ એપમાં આ રૂપાંતરણએ દર્શાવે છે કે વર્ષોથી આપણી સંસ્થા કઈ દિશામાં વિકસિત થઈ છે. આજના ગ્રાહકો વિવિધ માધ્યમો દ્વારા જૈનમ સાથે જોડાય છે, અને અમારા ડિજિટલ પ્લેટફોર્મને એકીકૃત જૈનમ ઓળખ હેઠળ લાવવાથી વધુ સુસંગત અને વ્યવસ્થિત અનુભવ સર્જાય છે.જોકે, આ પ્લેટફોર્મનું નામ અને વિઝયુઅલ ઓળખ બદલાયા છે, પરંતુ અમારા ગ્રાહકો જે અનુભવ પર ભરોસો રાખે છે તે અકબંધ છે.

આ ફેરફાર ગ્રાહકોને સરળતા, વિશ્વસનીયતા અને આત્મવિશ્વાસ સાથે રોકાણકારો તથા ટ્રેડર્સને ટેકો આપવાનું ચાલુ રાખીને ભવિષ્ય માટે સજ્જ પ્લેટફોર્મ બનાવવાની અમારી કટિબદ્ધતા દર્શાવે છે.

# સેલવાસ ગ્રાઉન્ડ પર સ્કાઉટ ગાઈડ ફેલોશીપ દ્વારા છોકરા અને છોકરીઓ માટે ફ્રેન્ડશીપ કપનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૫**

દાદરા નગર હવેલીમાં પ્રથમવાર સ્કાઉટ એન્ડ ગાઈડ ફેલોશીપ દ્વારા છોકરા અને છોકરીઓ માટે બે દિવસીય લેધર બોલ ક્રિકેટ જેન્ડર ઈક્વાલિટી ફ્રેન્ડશીપ કપનું આયોજન સેલવાસ ગ્રાઉન્ડ ખાતે આયોજીત કરવામાં આવ્યું હતું.

ભારત સરકાર ખેલ મંત્રાલય અને યુવા બાબતો અંતર્ગત દાનહ અને દમણ-દીવ સ્કાઉટ ગાઈડ ફેલોશીપ દ્વારા એક નવી પહેલ કરવામાં આવી જમાં જેન્ડર ઈકવીટીને લઈ બે દિવસીય ફ્રેન્ડશીપ કપ લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ ખેલ વિભાગ યુવા બાબતોના અધ્યક્ષ શ્રી અરૂણ ગુપ્તા, શ્રી ચંદુભાઈ પટેલ અને શ્રી રાકેશ વાલનતે દરેક ખેલાડીઓને શુભેચ્છા આપી શુભારંભ કરવામા આવ્યો હતો.

જેમા યુવા છોકરાઓ અને છોકરીઓની કુલ બે ટીમ સામેલ કરવામાં આવી હતી. જેમાં મુખ્યરૂપે એક ટીમ બોયઝ ચેલેન્જર કેપ્ટન શ્રી પ્રણવ ઘોષ અને બીજી ટીમ ગર્લ્સ વોરિયર્સ કેપ્ટન શ્રીમતી સંગીતા યાદવ બન્ને ટીમના ખેલાડીઓએ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને મિત્રતા કપને એક સાચુ ઉદાહરણ પ્રસ્તુત કર્યું. જેમા ત્રણ મેચના પ્લેયર ઓફ ધ મેચ પ્રણવ ઝા, શિવમ યાદવ અને મો.આકીબ અને પ્લેયર ઓફ ધ સિરીઝ પ્રણવ ઝા રહ્યો હતો.લેડી વોરિયર્સ ૨૦ ઓવરની ત્રણ મેચ રમી ૨-૧થી વિજેતા બની હતી. જેમા અંકિતા સાહની અને ધનુશ્રી સુથારે બોલિંગનું સારૂ પ્રદર્શન કર્યુ હતું. જેના માટે દરેક ખેલાડીઓની દાનહ પ્રશાસન તરફથી સરાહના કરવામા આવી કે આજના સમયમા લેધર બોલ ક્રિકેટ ખેલને પ્રમુખતા આપવામા આવી રહી છે.

જેમા છોકરાઓ સાથે છોકરીઓ પર ખભાથી ખભો મિલાવી સમાનતાના માટે સદૈવ નારી સશક્તિકરણને પ્રોત્સાહન આપે છે. જેમાં દરેક છોકરાઓએ પણ પોતાનું સર્વશ્રેષ્ટ પ્રદર્શન કરી અને સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

**વર્તમાન પ્રવાહ**
વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ,
જાહેર ખબર, અવસાન નોંધ,
જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય
જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 /
સુરેશ ઉમિતિયા - 98259 89444

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દીવ પોલીસે ૪૦...**

દીવ પોલીસની આ કામગીરી સાયબર સંબંધિત ગુનાઓ સામે લડવા અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઝડપી તથા અસરકારક કાર્યવાહી કરવાની તેમની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. પોલીસ અધિક્ષકે સમગ્ર ટીમ અને કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં પણ સમાન સમર્પણ અને સતર્કતા સાથે કામગીરી ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

દીવ પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો તેમનો મોબાઈલ ફોન ખોવાઈ જાય અથવા ગુમ થાય તો તેની તાત્કાલિક જાણ સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર (CEIR) પોર્ટલ પર નોંધાવે. CEIR પોર્ટલ દ્વારા ખોવાયેલા અથવા ચોરાયેલા મોબાઈલ ફોનને બ્લોક કરવાની તેમજ તેને ટ્રેક કરીને પુનઃપ્રાપ્ત કરવાની પ્રક્રિયા વધુ અસરકારક બને છે.

દીવ પોલીસ નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે સતત પ્રતિબદ્ધ હોવાનું પણ આ પ્રસંગે જણાવવામાં આવ્યું હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દીવમાં આયુષ્માન ભારત...**

ચર્ચા દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે, આ ડિજિટલ સિસ્ટમ દ્વારા દર્દીની OPD નોંધણીથી લઈને નિદાન, સારવાર, હોસ્પિટલમાં દાખલ કરવાની પ્રક્રિયા અને ડિસ્ચાર્જ સુધીની સમગ્ર માહિતી ડિજિટલી રેકોર્ડ થશે અને ABHA ID સાથે જોડાશે. જેના કારણે આરોગ્ય સેવાઓ વધુ પારદર્શક, ઝડપી, સચોટ અને અસરકારક બનશે.

વક્તાઓએ જણાવ્યું હતું કે, દીવ જિલ્લાએ ABDMના વિવિધ સૂચકાંકોમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે અને અનેક ક્ષેત્રોમાં ૧૦૦ ટકા સંતૃપ્તિ પ્રાપ્ત કરી છે. સરકારી અને ખાનગી આરોગ્ય ક્ષેત્રોને એકીકૃત કરીને મજબૂત ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

દીવમાં વિકસાવવામાં આવી રહેલું આ મોડેલ ભવિષ્યમાં દેશના અન્ય જિલ્લાઓ માટે માર્ગદર્શક બનશે. અહીંના અનુભવો અને શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓના આધારે સમગ્ર કેન્દ્ર શાસિત પ્રદેશમાં ABDMના વધુ અસરકારક વિસ્તરણ માટે દિશા નિર્ધારિત કરવામાં આવશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સહભાગીઓએ આ પહેલને સામાન્ય નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત, સરળ અને પારદર્શક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટેનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું અને તેના સફળ અમલીકરણ માટે સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

વલસાડ જિલ્લામાં આજથી જન કલ્યાણ શિબિરનો શુભારંભ, તા.૧૯ જૂન શિબિર ચાલશે

# વલસાડના ડુંગરી ખાતે યોજાયેલી શિબિરમાં ૩ ગામના અંદાજે ૬૫૫ લોકોએ યોજનાકીય લાભ મેળવ્યા

**આજે મગોદડુંગરી ગામની શાળામાં પારનેરા, પારડી પારનેરા અને નનકવાડા ગામની શિબિર યોજાશે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી પ્રજા સુધી બહોળા પ્રમાણમાં પહોંચે તથા આ યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૫ જૂનના રોજથી જન કલ્યાણ શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આજે પ્રથમ દિવસે વલસાડ તાલુકાના ડુંગરી, દાંતી કકવાડી અને કોસંબા ગામના લોકોને યોજનાકીય લાભ મળે તે માટે ડુંગરી પ્રાથમિક શાળાની સામે આવેલા રામજી મંદિરના હોલમાં શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની મુખ્ય યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પી.એમ. સ્વનિધિ યોજના, પી.એમ.સૂર્યઘર યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુંટુંબ સહાય યોજના, આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વયવંદના, નમોશ્રી યોજના, લખપતિદીદી યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, વી.બી.જી. રામજી યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના(રાજ્ય સરકારની યોજના), મુખ્યમંત્રી લક્ષ્મી યોજના, સરસ્વતી યોજના અને ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ યોજના સહિત અંદાજે ૧૫ જેટલી યોજનાનો પાત્રતા ધરાવતા ૬૫૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આ જનકલ્યાણ શિબિરને લાભાર્થીઓએ બિરદાવી સરકારની પ્રજાના દ્વાર સુધીની પહેલની સરાહના કરી હતી. તા. ૧૯ જૂન સુધી ચાલનારી આ શિબિરનો વધુમાં વધુ લોકો લાભ લે એવો અનુરોધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની ડુંગરી બેઠકના સભ્ય શ્રીમતી પ્રિતિબેન આસીતભાઈ દેસાઈ, ગોરગામ તાલુકા પંચાયત બેઠકના સભ્યશ્રી નલીનીબેન પટેલ, ચીખલા તાલુકા પંચાયત બેઠકના સભ્યશ્રી માનસી પટેલ, છરવાડા તાલુકા પંચાયત બેઠકના સભ્યશ્રી હેલીબેન પટેલ તેમજ ડુંગરીના સરપંચ પંકજ પટેલ, માલવણના સરપંચ વનિતાબેન પટેલ, વલસાડ તાલુકા વિકાસ અધિકારીશ્રી કેતન સોલંકી, મામલતદાર વિકાસ વાઘેલા તેમજ આગેવાનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે નોંધનીય છે કે, આજે તા. ૧૬ જૂન ૨૦૨૬ના રોજ જન કલ્યાણ શિબિર વલસાડ તાલુકાના મગોદડુંગરી ગામની પ્રાથમિક શાળામાં યોજાનાર છે. જેમાં પારનેરા, પારડી પારનેરા અને નનકવાડા ગામનો સમાવેશ કરાયો છે. સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી આ ૩ ગામના લાભાર્થીઓ મગોદડુંગરી પ્રાથમિક શાળામાં આવીને યોજનાકીય સહાય અને લાભ મેળવી શકશે.

# વલસાડ શહેરમાં અસ્મિતા ખેલો ઈન્ડિયા સાયકલ લીગ સ્પર્ધા યોજાઈ

**દેશના ૨૦૦ શહેરોમાં અસ્મિતા ખેલો ઈન્ડિયામાં વલસાડ શહેરની પસંદગી કરાઈ હતી**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્‌વાનથી અને રમતગમત અને યુવા સાંસ્કૃતિક બાબતોના મંત્રાલયના કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની દીર્ઘદષ્ટિથી ભારત દેશના વધુને વધુ લોકો ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં જોડાઈ એવા આશ્રયથી વર્લ્ડ બાઈસીકલ ડેની ઉજવણી અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને સાઈકલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત સહકારથી ભારત દેશના કુલ ૨૦૦ શહેરોમાં અસ્મિતા ખેલો ઈન્ડિયા મહિલા સાયકલ લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ શહેરની પણ પસંદગી થઈ હતી.

વલસાડ શહેરમાં તા.૧૪ જુન, ૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૬:૩૦ કલાકેથી વલસાડ કોલેજ કેમ્પસ તીથલ રોડથી સ્વામિનારાયણ મંદિર તિથલ બીચ સુધી જઈને પરત આવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ખેલાડી બહેનોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સબ જુનિયર, જુનિયર અને ઈલાઈટ આમ ત્રણ વિભાગમાં સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધા ખૂબ જ સફળ રીતે સંપન્ન થઈ હતી. વિજેતા થનાર બહેનોને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. તમામ ભાગ લેનાર બહેનોને પાર્ટિસિપેટ સર્ટિફિકેટ પણ એનાયત કરાયા હતા.

આ સ્પર્ધામાં વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, જિલ્લા રમત અધિકારીશ્રી જી.જી.વળવી, ડો.કલ્પેશ જોશી, રણભૂમિ એકેડેમીના એડવોકેટ કેયુર પટેલ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્પધાનું સફળ સંચાલન ડો.મુકેશ પટેલ, ડો.ભાવિન પટેલ અને શુભમ નિકમ (મુંબઈ સાયકલ) દ્વારા કરવામાં આવ્યું હતું. કોમર્સ કોલેજના એન.સી.સી.કેડેટ, વલસાડ ફિઝિકલ એકેડેમીના તાલીમાર્થીઓ સ્પર્ધામાં સ્વયંસેવક તરીકે કામગીરી કરી હતી.

# વાપીમાં જમીયત ઉલેમાએ વાપી દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો



**ધો.૧૦-૧૨માં ઉત્કૃષ્ઠ પરિણામ લાવનાર ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

વાપીમાં સમાજ સેવા ક્ષેત્રે અગ્રણી કામગીરી કરતી જમીયત ઉલેમાએ વાપી દ્વારા ધો.૧૦-૧૨ અને ધો.૧૨ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગુજરાત જમીયતના અધ્યક્ષ હજરત મૌલાના મુફતી અહમદ, સુરત જમીયતના અધ્યક્ષ હજરત મૌલાના અરશદ મીર, મૌડર્ન સ્કૂલના પ્રિન્સિપાલ સહિતના સમાજના અગ્રણઈઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અતિથિઓએ શિક્ષણ અને ચરિત્ર નિર્માણ ઉપર ખાસ મહત્ત્વ સમજાવ્યું હતું. ૧૦૫ વિદ્યાર્થીઓને ટ્રોફી, પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. મુસ્લિમ સમાજના ગણમાન્ય અગ્રણી, પેરેન્ટ ઉપસ્થિત રહ્યા હતા.જમીયત ઉલેમા વાપી ટ્રસ્ટના અધ્યક્ષ ઈતેખાબ ખાને તમામ અતિથિઓ અને અભિભાવકો સહિત તમામ ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. વાઈસ પ્રેસિડેન્ટ ફીજનખાન અને જનરલ સેક્રેટરી અબ્દુલ વહાબ ખાને અભિભાવકોને પોતાના બાળકોને શિક્ષિત કરવાની અપીલ કરી હતી. કમજોર વિદ્યાર્થીઓને આર્થિક હર સંભવ સહાય મળશે. આર્થિક કારણોસર બાળકો શિક્ષણથી વંચિત ના રહેવું જોઈએ.

# લાયન્સ ક્લબ દ્વારા વલસાડમાં ‘સારથી બોધિની’ સ્કૂલિંગનું ભવ્ય સફળતા સાથે સમાપન




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

લાયોનીસ્ટીક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવ નિયુક્ત થયેલા ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન હેમલ વસંતભાઈ પટેલની અધ્યક્ષતામાં તારીખ ૧૪/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ વલસાડમાં, ટૂંક સમયમાં ખુબજ પ્રખ્યાત થયેલ રમણીય સ્થળ યુનિક રિસોર્ટ એન્ડ લાઈફ સ્ટાઈલ, ભગોદ, વલસાડ ખાતે સારથી બોધિની સ્કૂલિંગ ભવ્ય સફળતા સાથે સંપન્ન થઈ.

બોધિની સ્કૂલિંગના ઉદ્‌ઘાટક તરીકે ડી.ગ.લાયન મોના દેસાઈ તથા ચીફ ગેસ્ટ તરીકે પાસ્ટ ઈન્ટરનેશનલ ડીરેકટર અને બોર્ડ એપોઈન્ટી લાયન વિનોદ ખન્ના MJF ખાસ દિલ્હીથી આવી ઉપસ્થિત રહ્યા.

સ્પેશીયલ ગેસ્ટ તરીકે IPDG & Multiple Council Secretary લાયન પરેશ પટેલ અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે પ્રથમ વાઈસ ડી.ગ.પ્રિયંકા જૈન રાવલ અને સેકન્ડ વાઈસ ડી.ગ.લાયન દર્શના તુરખીયા ઉપસ્થિત રહ્યા હતા.

લાયનવાદના વિકાસ માટે ઉપયોગી માહિતીસભર વિવિધ વિષયો ઉપર વક્તવ્ય આપવા PID, PMCC, PVMC, PVMCS/T, PDG, FDI, LCIP, વિ.ઉપસ્થિત રહી સૌને માર્ગદર્શન કર્યું.

બોધિની સ્કૂલિગના ઓર્ગેનાઈઝર ડી.ગ.નિયુક્ત લાયન હેમલ પટેલ, ઈન્સ્પાઈરર લાયન વસંત પટેલ, સ્કૂલિંગ ચેરમેન લાયન પી.ડી.ખેડકર, વાઈસ ચેરમેન લાયન નીપમ શેઠ અને લાયન હેમંત પટેલ તથા કન્વીનર લાયન રામસિંહ દેસાઈ અને વિવિધ કમિટીઓના કન્વીનરો, મેમ્બરો અને મોડરેટરોની છેલ્લા એક મહિનાની ભારે જહેમતને કારણે આ સ્કૂલિંગ ભવ્ય રીતે સફળ થયું. જેમાં ૨૩૦થી વધુ ક્લબ ઓફિસરો (PST, RC, ZC, GAT Team) ઉપસ્થિત રહ્યા.

બે ભાગમાં વહેંચાયેલ સારથી બોધિની સ્કૂલિંગની શરૂઆત રશ્મિ ભટ અને તનીસ્કાની પ્રાર્થના અને મનમોહક વેલકમ ડાન્સથી થઈ હતી. ઉપસ્થિત સૌને ડી.ગ.નિયુક્ત લાયન હેમલ પટેલે ખુબજ ભાવસભર આવકાર આપતા સારથી બોધિની સ્કૂલિંગની માહિતી આપી અને સમગ્ર વર્ષ દરમિયાન તેમની અક્ષતામાં થનારા સેવા કાર્યોની ઝલક દર્શાવી જેમાં જંગલોથી શોભતાં પહાડી પ્રદેશોના લોકોની જરૂરિયાતો પૂરી પાડવા પરમેનન્ટ પ્રોજેકટો કરવાની જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે, પદગ્રહણ એ સત્તા આપે છે પણ જરૂરતમંદાની સાચા મનથી સેવા કરવાથી સાચી સફળતા અને નામના મળે છે, તેમણે ભાવિ ટીમને સંબોધિત કરતા કહ્યું કે આજનો દિવસ ફક્ત સ્કૂલિંગનો જ નહીં પણ એ આપણી નવી જવાબદારી અને નવા વર્ષનું પ્રારંભનો દિવસ છે.

સારથી બોધિનીના મેન્ટોર અને ઈન્સ્પાઈરર લાયન વસંત પટેલે સારથી બોધિની સ્કુલીંગની સફળતા માટે અર્જુન જેવી એકાગ્રતા અને એકલવ્ય જેવા ઝનૂનથી સેવા પ્રવૃત્તિઓ કરવા સૂચન કર્યુ હતું.

સ્કૂલિંગ કમિટીના ચેરમેન લાયન પી.ડી.ખેડકર, વાઈસ ચેરમેન લાયન નીપમ શેઠ અને વાઈસ ચેરમેન લાયન હેમંત પટેલે વિસ્તૃત માહિતી આપી. અનેક દાનવીરોએ જાહેરાત માટે આપેલા સહયોગથી સારથી બોધિની સ્કૂલિંગની બુક લાયન મનીષા દુધાત દ્વારા પ્રકાશિત કરવામાં આવી તો સાથે ડીજીટલ ડીરેક્ટરી પણ લાયન જાનકી ત્રિવેદી દ્વારા તૈયાર કરવામાં આવી.

ડી.ગ.લાયન મોના દેસાઈએ ખુબજ આનંદ અને ગૌરવ સાથે સારથી બોધિની સ્કૂલિંગનું ઉદ્‌ઘાટન કર્યું.

મુખ્ય મહેમાન એવા દિલ્હીથી ખાસ પધારેલ પાસ્ટ ઈન્ટરનેશનલ ડીરેકટર લાયન વિનોદ ખન્નાએ સારથી બોધિની સ્કૂલિંગની ભવ્ય સફળતાથી પ્રભાવિત થઈ આયોજકોને અભિનંદન પાઠવ્યા. તેમણે સ્કૂલિંગના નામ સારથી શબ્દનો અર્થ સમજાવ્યો સાથે જ સ્કૂલિંગ કેમ કરવું જોઈએ અને ઈફેકટીવ મિટિંગ કેવી રીતે કરવી એ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તેમણે જણાવ્યું હતુ કે, જ્યારે પરીક્ષા થાય છે ત્યારે આપણે એકલાં હોય પણ એનું પરિણામ જાહેરમાં આવે, તો તમારા દરેક કાર્યના પરિણામ માટે તૈયાર રહેવું.

સ્પેશીયલ ગેસ્ટ લાયન પરેશ પટેલ અને ગેસ્ટ ઓફ ઓનર FVDG લાયન પ્રિયંકા જૈન રાવલ અને SVDG લાયન દર્શના તુરખીયાએ ખુબજ ઉપયોગી સ્કૂલિંગના આયોજન માટે ડી.ગ.નિયુક્ત લાયન હેમલ પટેલને અભિનંદન આપ્યા.

વિવિધ તજજ્ઞોએ ફેકલ્ટી તરીકે એમના વિષયોની ખુબજ રસપૂર્વક રજૂઆત કરી સૌના મન જીતી લીધા.

સારથી બોધિની સ્કૂલિંગમાં ઉપસ્થિત મહાનુભાવો તથા વિવિધ કમિટીના કન્વીનરો અને સભ્યોનું સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

પા.ડી.ગ.લાયન નીપમ શેઠ, પા.ડી.ગ.લાયન મુકેશ પટેલ અને પા.ડી.ગ.લાયન અરવિંદ પટેલે સરસ ક્વિઝનું આયોજન કરી ઉપસ્થિત લાયનાના મન જીતી લીધા. સારથી બોધિની સ્કૂલિંગના કન્વીનર લાયન રામસિંહ દેસાઈએ બોધિનીની સફળતાના સહભાગી એવા સૌના સહકાર માટે અભિનંદન પાઠવી ભવિષ્યમાં આવોજ સહકાર મળશે તેવી અભિલાષા વ્યક્ત કરી.

પ્રથમ સેશનમાં MOC તરીકે લાયન ફાલ્ગુની ખમાર અને લાયન સરિતા તેવારી તથા બીજા સેશનમાં MOC તરીકે લાયન મીનાક્ષી કેસરવાની અને સુષમા સિંઘવીએ સેવા આપી.મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુંદર સહકાર આપી સૌએ સારથી બોધિની સ્કૂલિંગને ભવ્ય સફળતા અપાવી.

# વિશ્વ રક્તદાતા દિવસે ચીખલીના રાનકુવા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સમાજને આપ્યો પ્રેરણાદાયી સંદેશ



-તસવીર: દિપક સોલંકી

**સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવા ૩૦૦ વિદ્યાર્થીઓએ ભવ્ય જાગૃતિ રેલી યોજી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૫**

વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા ખાતે સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી સંજયકુમાર ડી. પરમારના માર્ગદર્શન હેઠળ શાળામાં કાર્યરત જુનિયર રેડ ક્રોસના આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ ભવ્ય જાગૃતિ રેલી યોજી હતી.

આ પ્રસંગે નવસારી જિલ્લા રેડ ક્રોસના કન્વીનર ડૉ.ધર્મેશ કાપડિયા તથા ભૂતપૂર્વ રેડ ક્રોસ કન્વીનર અને પ્રાધ્યાપક શ્રી જશુભાઈ નાયકની પ્રેરણા થકી શાળાના જુનિયર રેડ ક્રોસના સંયુક્ત ઉપક્રમે રાનકુવા ગામના મારૂતિ નંદન સ્ટોરથી શરૂ થઈ ચાર રસ્તા સુધી યોજાઈ હતી. રેલી દરમિયાન રાનકુવા પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ ટ્રાફિક અને સુરક્ષા વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો.

શાળાના રેડ ક્રોસના કન્વીનર શ્રી વિજયભાઈ પઢીયાર, શ્રીમતી રીમાબેન પટેલ તથા શ્રી સત્યમભાઈ ડાંગીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ‘રક્તદાતાઓને સો-સો સલામ’, ‘રક્તદાતાને વંદન, રક્તદાતાને અભિવાદન’ અને ‘રક્તદાતા જિંદગી બચાવે’ જેવા પ્રેરણાદાયી સૂત્રોચ્ચારો,પોસ્ટરો તથા પેમ્પલેટ દ્વારા ગામના લોકો તથા રાહદારીઓને રક્તદાન માટે પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વાંઝણા ગામની કસ્તુરબા હોસ્ટેલના સંચાલકોનો પણ નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો હતો.

શાળાએ રક્તદાન ક્ષેત્રે અગાઉ પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. રિવરફ્રન્ટ ચીખલી ખાતે યોજાયેલા રક્તદાન કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી હાર્દિકભાઈના રક્તદાનથી આશરે ૧૫૦૦ જેટલી નોટબુકનું યોગદાન પ્રાપ્ત થયું હતું, જેનો લાભ ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સુરખાઈ ખાતે જ્ઞાન કિરણ ધોડિયા સમાજની વાડીમાં યોજાયેલી રક્તદાન શિબિરમાં શાળાના શિક્ષક શ્રી સત્યમભાઈ ડાંગી, શ્રી પંકજભાઈ પટેલ તથા વિદ્યાર્થીઓના વાલીઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત શિક્ષકોએ રક્તદાનને મહાદાન ગણાવી નિયમિત રક્તદાન દ્વારા અનેક જીવ બચાવી શકાય છે તેવો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓની ઉત્સાહભરી ભાગીદારી અને સમાજ પ્રત્યેની સંવેદનશીલતા કાર્યક્રમની વિશેષ સિદ્ધિ બની હતી.

શાળા વ્યવસ્થાપક મંડળના પ્રમુખશ્રી પીનકકુમાર શાહ અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી જયેશભાઈ ચૌધરી દ્વારા ૧૪ જૂન રવિવારની જાહેર રજાઓના દિવસે પણ આવા સમાજ ઉપયોગી કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.મારૂતિ નંદન મેગા સ્ટોર દ્વારા રેલીમાં હાજર વિદ્યાર્થીઓને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધરમપુર સાયન્સ સેન્ટર ખાતે

# ત્રિદિવસીય સરકારની સિદ્ધિઓના પ્રદર્શનને ૧૦૦૦થી વધુ લોકોએ નિહાળ્યું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે વલસાડ જિલ્લા વહીવટીતંત્ર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત લલિત કલા અકાદમી, અમદાવાદ અને માહિતી વિભાગના સંયુક્ત ઉપક્રમે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના સૌજન્યથી જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા.૧૨થી ૧૪ દરમિયાન ત્રિદિવસીય ‘‘સરકારની સિદ્ધિઓના પ્રદર્શન’’ યોજાયું હતું. આ પ્રદર્શનને એક હજારથી વધુ લોકોએ નિહાળ્યું હતું. પ્રદર્શનીમાં કેન્દ્ર-રાજય સરકારની વિવિધ યોજનાઓને પ્રદર્શિત કરવામાં આવી હતી.

# સુરત-પાર્લે પોઈન્ટ વિસ્તાર મધ્યે ત્રિવેણી સંગમ-જિનાલય-પ્રતિષ્ઠા આચાર્યપદપ્રદાન, પેન્યાસપદપ્રદાન મહોત્સવ ઉજવાશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

સમગ્ર ભારત દેશ-ગુજરાત રાજ્યમાં ધર્મનગરી-દીક્ષાનગરી તરીકે સુપ્રસિદ્ધ બની ગયેલ સુરત નગરીના મધ્ય કેન્દ્ર સમા પાર્લે પોઈન્ટ (ઉમરા) વિસ્તાર મધ્યે શાસનશિરતાજ સૂરિરામચન્દ્ર સ્મૃતિવિહારના સુમનોહર પ્રાંગણમાં ઘાણેરાવ(રાજ.) હાલ-પૂના (મહારાષ્ટ્ર) નિવાસી સુશ્રાવિકા ઉષાબેન પ્રમોદભાઈ વિમલચંદજી લોઢા પરિવાર દ્વારા સ્વ-દ્રવ્યથી નિર્મિત ક્ષત્રિપકુંડ તીર્થમંડન શ્રી મહાવીરસ્વામી જિનાલયની પ્રતિષ્ઠા દ્વિતીય જેઠ સુદ-૪ ગુરૂવાર તા.૧૮ જૂનના વહેલી પ્રભાતે થનાર છે. પ્રતિષ્ઠાના મંગળ દિને સોનામાં સુગંદની જેમ પરમતપસ્વી પંન્યાસ શ્રી કૈવલ્યદર્શનવિજયજી ગણિવરને આચાર્યપદપ્રદાન તેમજ વેયાવચ્ચકુશળ ગણિવર્યશ્રી આગમદર્શનવિજયજી મહારાજને પંન્યાસપદપ્રદાન થશે.

પાર્લે પોઈન્ટ વિસ્તારના વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી આરાધનાભવનના આંગણે પદપ્રદાન મહોત્સવ ઉજવાશે. તેમજ પ્રતિષ્ઠાના એક દિન પૂર્વે દ્વિતીય જેઠ સુદ-૩ બુધવાર તા.૧૭ જૂનના વહેલી પ્રભાતે મુમુક્ષુ વિમળાબેન પ્રવિણભાઈ મોરખિયા (સુરત) જૈનદીક્ષા અંગીકાર કરશે.

જિનાલય પ્રતિષ્ઠા-આચાર્યપદપ્રદાન- પંન્યાસપદપ્રદાન તથા પ્રવ્રજ્યાપ્રદાનનો આ મંગલ પ્રસંગ. જૈનશાસનજ્યોતિર્ધર ‘‘સૂરિરામચન્દ્ર’’ સામ્રાજ્યવર્તી આધ્યાત્મિક પ્રવચનકાર- જિર્ણોદ્ધાર જ્યોતિર્ધર પૂ.આ.શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા તથા પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયશ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મહારાજા આદિ નવ-નવ પૂ.આચાર્યભગવંતો સમેત ૧૫૦ થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં ઉજવાશે. ઉભય જૈનાચાર્યો પોતાના વિશાળ શિષ્ય-પરિવાર સાથે ચાલૂ વર્ષે સુરત શહેરના વેસુ વિસ્તારમાં ફોનિક્ષ ટાવર ખાતે આચાર્યશ્રી વિજયજયકુંજરસૂરિ સ્મૃતિ ટ્રસ્ટના ઉપક્રમે ચાતુર્માસ કરશે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# સામાન્ય માનવી ઉપર મોંઘવારીના બોજાએ ભારે ગંભીર સ્થિતિ ઊભી કરી છે

**ખા**ડીમાં ચાલતાં યુદ્ધના અંતનો તખતો વધુ એક વખત તૈયાર થઈ ગયો છે. ઈરાન અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે સમજૂતી પર સહી થવાની છે. આનાથી આ વિસ્તારમાં સ્ફોટક સ્થિતિ હળવી બનીને થાળે પડે એવી આશા વધુ એક વખત આકાર લઈ રહી છે. આવા સંજોગોમાં વિશ્વની સામે ઊભી થયેલી કપરી આર્થિક કટોકટીમાં પણ હવે હળવાશ આવી શકે તેમ છે. જો કે, આ આર્થિક કટોકટી એટલી ગંભીર છે કે, પરિસ્થિતિને થાળે પડતાં હજી લાંબો સમય લાગી શકે તેમ છે. ક્રૂડ તેલના ભડકે બળતા ભાવોની ઝાળ દુનિયાના દેશોના અર્થતંત્રને દઝાડી રહી છે, ત્યારે સામાન્ય માનવીની ઉપર મોંઘવારીના બોજાએ ભારે ગંભીર સ્થિતિ ઊભી કરી છે. દુનિયાભરના દેશોની જેમ ભારતના બજેટ અને વિકાસના વર્તારાને ખોરવી નાખનાર ખાડી વિસ્તારના જંગે ખાદ્યપદાર્થોના ભાવોને આસમાને પહોંચાડી દીધા છે. ભારતના ગરીબ અને મધ્યમ વર્ગના રોજબરોજના જીવનને ભારે અસર કરનાર આ વધારામાં ખાદ્યપદાર્થોનો ભાવવધારો ચાવીરૂપ બની રહ્યો છે. મે મહિના દરમ્યાન દેશમાં છૂટક મોંઘવારીનો દર ૩.૯૩ ટકા અને ખાદ્ય મોંઘવારીનો દર ૪.૭૮ ટકાએ પહોંચી ગયો છે. વધી રહેલા આ દરનો સીધો અર્થ એ થાય કે, મધ્યમ અને ગરીબ વર્ગના ભોજનના ખર્ચની ઉપર મોટી અસર પડી રહી છે. ખાડી વિસ્તારમાં લાંબા સમયથી સંઘર્ષને લીધે ક્રૂડ તેલના વૈશ્વિક ભાવો ભડકે બળી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારાએ પરિવહનથી માંડીને ઉત્પાદન સુધીના તમામ તબક્કા પર બોજો વધાર્યો છે. સૌથી વધુ કફોડી હાલત સીમિત આવક ધરાવતા પરિવારોની થઈ રહી છે. રોજબરોજની ચીજો અને તેમાં પણ ખાવા-પીવાની અનિવાર્ય વસ્તુઓના સતત વધી રહેલા ભાવોએ ભોજનની થાળી મોંઘી બનાવી દીધી છે. ખાડીના જંગના અંતની આશા જાગી છે, પણ મોંઘવારીના બોજામાંથી રાહત બહુ જલ્દી મળે એવી કોઈ આશા જણાતી નથી. એક તરફ વૈશ્વિક સ્થિતિને થાળે પડતાં સમય લાગશે તેની સાથોસાથ ભારત પર તોળાતાં અલ નીનોના જોખમથી ચોમાસું નબળું રહે એવી આશંકા સાચી ઠરે તો ખેતપેદાશોની અછતથી ભાવોમાં હળવાશ આવે એવી શક્યતા નામશેષ થઈ જાય તેમ છે. આમ ભારતના સામાન્ય અને ગરીબ વર્ગ માટે મોંઘવારીના પડકારમાંથી તત્કાળ રાહત મળે એવા કોઈ એંધાણ દેખાતા નથી. ખરેખર તો સરકારે ક્રૂડના ભાવો ઘટે તો દેશમાં ઈંધણના ભાવોમાં ઘટાડો કરીને સામાન્ય માનવીઓની તકલીફને હળવી બનાવવામાં મદદરૂપ થવાની નીતિ તાકીદે અમલમાં મૂકવાની જરૂરત બની રહેશે. ક્રૂડના ભાવો ઘટવા લાગ્યા છે તેવા સમયે આવું કોઈ પણ પગલું મોંઘવારીને નાથવામાં અને અર્થતંત્રને પાટે ચડાવવામાં ભારે મદદરૂપ બની શકશે એ સાદી હકીકત સરકારે સમજીને તેના પર ધ્યાન આપવું જોઈએ. આમ કરીને તોળાતાં કુદરતી આફતના જોખમને પણ હળવું કરીને મોંઘવારીના આગોતરા સામના માટે સજ્જ થઈ શકાય તેમ છે.

### ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી

# ૩ મહિના બાદ આખરે અમેરિકા-ઈરાન યુદ્ધ ખતમ કરવા તૈયાર

## કરાર બાદ બંને દેશો વચ્ચે ૬૦ દિવસ માટે યુદ્ધવિરામ લાગુ થઈ જશે અને ત્યારબાદ પરમાણુ કરાર માટે આગળની ટેકનિકલ વાતચીત શરૂ કરાશે





(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૧૫**

અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા ૧૦૭ દિવસથી ચાલી રહેલા ભયાનક યુદ્ધનો આખરે અંત આવ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ' પર આ ઐતિહાસિક શાંતિ સમજૂતીની સત્તાવાર જાહેરાત કરી છે. આ ડીલ પર આગામી શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં ઔપચારિક મહોર મારવામાં આવશે. આ કરાર બાદ બંને દેશો વચ્ચે ૬૦ દિવસ માટે યુદ્ધવિરામ લાગુ થઈ જશે અને ત્યારબાદ પરમાણુ કરાર માટે આગળની ટેકનિકલ વાતચીત શરૂ કરાશે.પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "ઈરાન સાથે સમજૂતી સંપૂર્ણ રીતે પાકી થઈ ગઈ છે. આ ડીલમાં સામેલ તમામ પક્ષોનો હું આભાર માનું છું અને સૌને ખૂબ-ખૂબ અભિનંદન." તેમણે વધુમાં મોટી જાહેરાત કરતા લખ્યું કે, "હું સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ટોલ-ફ્રી ખોલવાની જાહેરાત કરું છું. આ સાથે જ હોર્મુઝની ખાડીમાંથી અમેરિકન નૌસેનાની ઘેરાબંધી પણ હટાવી લેવામાં આવશે. દુનિયાના તમામ જહાજો હવે પોતાના એન્જિન સ્ટાર્ટ કરી લે અને ક્રૂડ ઓઈલનો બિઝનેસ શરૂ થવા દે." શુક્રવારે સત્તાવાર સહીઓ થયા બાદ હોર્મુઝની ખાડીને તમામ જહાજો માટે ખુલ્લી મૂકી દેવાશે.બીજી તરફ, ઈરાને સ્પષ્ટ કર્યું છે કે આ શાંતિ સમજૂતી આગળ વધારવી અમેરિકાના વલણ પર નિર્ભર રહેશે. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ સરકારી મીડિયા મારફતે જણાવ્યું કે, શુક્રવારના મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ બાદ શરૂ થનારી ૬૦ દિવસની વાટાઘાટો ત્યારે જ સફળ થશે જ્યારે અમેરિકા તેના ત્રણ વચનો પૂરા કરશે. ઈરાને જણાવ્યું છે કે અમેરિકા ખાસ કરીને નાણાકીય શરતો પૂરી કરશે અને ઈરાન તેની પુષ્ટિ કરી લેશે, ત્યારબાદ જ બંને દેશો વચ્ચે ટેકનિકલ વર્કિંગ-ગ્રુપની વાતચીત શરૂ થશે.અમેરિકા અને ઈરાન વચ્ચે આ ડીલ કરાવવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવનારા પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ખુશી વ્યક્ત કરી છે. તેમણે લખ્યું કે, "લાંબી વાટાઘાટો બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી થઈ ગઈ છે તેની જાહેરાત કરતા અમને ખૂબ આનંદ થાય છે. બંને પક્ષો લેબનાન સહિત તમામ મોરચે તાત્કાલિક અને કાયમી ધોરણે યુદ્ધ રોકવા માટે સંમત થયા છે."

# અમેરિકા અને ઈરાન ડીલ પહેલા ઈઝરાયેલનો બેરૂત પર ભયાનક હુમલો





## ઈરાનના મોહમ્મદ બઘેર ગાલીબાફે સોશિયલ મીડિયા પર સીધે સીધું અમેરિકા પર નિશાન સાધ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન ડીસી, તા.૧૫**

મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી મહાવાર્તા આખરી તબક્કામાં હતી, પરંતુ ઈઝરાયેલના એક મોટા હુમલાએ આખી રમત બગાડી નાખી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે આ ઐતિહાસિક 'સીઝફાયર ડીલ' ફાઈનલ થવાની જાહેરાત કરી હતી. પરંતુ આ જ દિવસે ઈઝરાયેલે લેબેનાનની રાજધાની બેરૂતના દાહિયા વિસ્તાર પર જોરદાર એરસ્ટ્રાઈક કરી દીધી. આ હુમલામાં ૩ લોકોના મોત થયા છે અને ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેના કારણે અમેરિકા-ઈરાન ડીલ હવે તૂટવાના આરે પહોંચી ગઈ છે.હુમલા બાદ બેરૂતની આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પોતે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ હુમલાની પુષ્ટિ કરી છે. તેમણે લખ્યું કે, 'અમે બેરૂતના દાહિયા વિસ્તારમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. ઈઝરાયેલ પોતાની ધરતી પર કોઈ પણ પ્રકારના હુમલા બિલકુલ સહન નહીં કરે'.ઈઝરાયેલી સેના અને પીએમ ઓફિસના જણાવ્યા અનુસાર, હિઝબુલ્લાહ દ્વારા ઉત્તરી ઈઝરાયેલમાં કરવામાં આવેલા રોકેટ હુમલાના જવાબમાં આ જવાબી કાર્યવાઈ કરવામાં આવી છે. નોંધનીય છે કે એક સપ્તાહ પહેલા પણ ઈઝરાયેલે આ જ વિસ્તારો પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલો દાગી હતી. બેરૂત પર થયેલા આ હુમલા બાદ ઈરાનનો પિત્તો ગયો છે. ઈરાની સેનાના ડેપ્યુટી કમાન્ડરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'લેબેનાનમાં ઈઝરાયેલના આ ગુનાઓનો જવાબ આપ્યા વિના છોડવામાં નહીં આવે'.બીજી તરફ, ઈરાનના મોહમ્મદ બઘેર ગાલીબાફે સોશિયલ મીડિયા પર સીધેસીધું અમેરિકા પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું કે, 'દાહિયા પર થયેલા આ હુમલાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે અમેરિકા પોતાની વાત પર અડગ રહી શકતું નથી અથવા તેનામાં તાકાત નથી. ઈઝરાયેલને લીલી ઝંડી આપીને તમે અમારી પાસેથી કોઈ રાહત મેળવી શકશો નહીં. 'ગુડ કોપ અને બેડ કોપ' ની આ રમત હવે જૂની થઈ ગઈ છે. જો તમે તમારું વચન પૂરું ન કરી શકતા હોવ, તો આગળની વાતચીત અશક્ય છે."લાંબા સમયથી ચાલી રહેલા તણાવને ઓછો કરવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે પૃષ્ઠભૂમિમાં એક મોટી મધ્યસ્થતા ચાલી રહી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય મિડલ ઈસ્ટમાં સૈન્ય ગતિવિધિઓ રોકવાનો છે. ઈરાને હવે સ્પષ્ટ શરત મૂકી દીધી છે કે, 'જ્યાં સુધી ઈઝરાયેલ લેબેનાન પર હુમલા બંધ નહીં કરે, ત્યાં સુધી ઈરાન અમેરિકા સાથેની કોઈ પણ ડીલ સ્વીકારશે નહીં. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન સાથેની આ શાંતિ મંત્રણા સફળ થાય, પરંતુ તેનો ખાસ મિત્ર દેશ ઈઝરાયેલ લેબેનાન પર સતત બોમ્બમારો કરી રહ્યો છે, જેનાથી ઈરાન ભડક્યું છે અને સમગ્ર ડીલ અધ્ધરતાલ થઈ ગઈ છે.

### ઈરાનને મળશે અત્યાર સુધીની સૌથી મોટી રાહત

# અમેરિકા-ઈરાન વચ્ચે ૧૪ શરતો પર સમજૂતી થઈ



## ઈરાન પરમાણુ હથિયાર ન બનાવવાના પોતાના એનપીટીના વચનને વૈશ્વિક સ્તરે ફરીથી દોહરાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના આ ઐતિહાસિક શાંતિ કરાર પર આગામી રવિવારે સત્તાવાર રીતે હસ્તાક્ષર કરવામાં આવશે. ટ્રમ્પે દાવો કર્યો છે કે આ સમજૂતીથી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડી ને તાત્કાલિક ફરીથી ખોલવાનો રસ્તો સાફ થઈ જશે. સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ટ્રમ્પે આ આગામી સમજૂતીની સરખામણી પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળમાં થયેલા પરમાણુ કરાર સાથે કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જૂના માળખાથી વિપરીત આ નવી ડીલ એ સુનિશ્ચિત કરશે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવવાથી સંપૂર્ણપણે પ્રતિબંધિત રહે.ઈરાનની ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, બંને દેશો વચ્ચેનો આ પ્રસ્તાવિત કરાર નીચે મુજબની ૧૪ મોટી શરતો પર આધારિત છે:

**૧. ઓઈલ નિકાસ પરથી પ્રતિબંધો હટશે:** ઈરાનના ક્રૂડ ઓઈલ, પેટ્રોકેમિકલ્સ અને તેની સાથે સંકળાયેલી તમામ પ્રોડક્ટ્સની નિકાસ પર લદાયેલા પ્રતિબંધો દૂર કરવામાં આવશે.

**૨. નાણાકીય સંસાધનોનો એક્સેસ:** ઈરાનને તેના તમામ વૈશ્વિક નાણાકીય સંસાધનો અને બેંકિંગ વ્યવસ્થાઓનો પૂરો એક્સેસ પાછો મળશે.

**૩. $24 અબજ ડૉલરનું ફંડ મુક્ત કરાશે:** ૬૦ દિવસની મધ્યસ્થી વાટાઘાટો દરમિયાન અમેરિકા દ્વારા ફ્રીઝ (જપ્ત) કરાયેલા ઈરાનના ૨૪ અબજ ડોલર મુક્ત કરાશે, જેમાંથી ૧૨ અબજ ડોલર તો વાતચીત શરૂ થતાં પહેલાં જ રીલીઝ કરવા પડશે.

**૪. ઈરાનનું પુનર્નિર્માણ:** અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાનના પુનર્નિર્માણ માટે આશરે ૩૦૦ અબજ ડોલરની યોજનાઓ રજૂ કરવી પડશે.

**૫. તમામ મોરચે યુદ્ધવિરામ:** લેબનાન સહિતના તમામ સૈન્ય મોરચાઓ પર ચાલી રહેલું યુદ્ધ તાત્કાલિક અને હંમેશા માટે બંધ થઈ જશે.

**૬. સાર્વભૌમત્વનું સન્માન:** અમેરિકા ઈરાનની આંતરિક બાબતોમાં દખલ ન કરવા અને ઈરાનના સાર્વભૌમત્વનું સન્માન કરવાનું વચન આપશે.

**૭. નૌસૈનિક નાકાબંધીનો અંત:** અમેરિકા દ્વારા ઈરાન આસપાસ લગાવવામાં આવેલી નૌસૈનિક નાકાબંધી ૩૦ દિવસની અંદર સંપૂર્ણપણે હટાવી લેવામાં આવશે.

**૮. અમેરિકન સેના પાછી ખેંચાશે:** અમેરિકન સૈન્ય દળો ઈરાનની આસપાસના વિસ્તારો અને સરહદો પરથી પાછા હટી જશે.

**૯. હોર્મુઝની ખાડી ખુલશે:** હોર્મુઝ સ્ટ્રેટને ઈરાનની દેખરેખ અને વ્યવસ્થા હેઠળ ૩૦ દિવસની અંદર ફરીથી સત્તાવાર રીતે વ્યાપારી જહાજો માટે ખુલ્લી મૂકી દેવાશે.

**૧૦. ૬૦ દિવસની વાટાઘાટો:** પરમાણુ મુદ્દાઓ અને પ્રતિબંધોને કાયમી ધોરણે હટાવવા માટે આખરી કરાર સુધી પહોંચવા ૬૦ દિવસનો ઓફિશિયલ સમયગાળો શરૂ થશે.

**૧૧. પરમાણુ હથિયાર ન બનાવવાનું વચન:** ઈરાન પરમાણુ હથિયાર ન બનાવવાના પોતાના એનપીટી (NPT - પરમાણુ અપ્રસાર સંધિ) ના વચનને વૈશ્વિક સ્તરે ફરીથી દોહરાવશે.

**૧૨. સૈન્ય અને પ્રતિબંધો પર રોક:** આ ૬૦ દિવસની વાતચીત દરમિયાન અમેરિકા મિડલ ઈસ્ટ ક્ષેત્રમાં પોતાની સેના નહીં વધારે અને ઈરાન પર કોઈ નવા આર્થિક પ્રતિબંધો નહીં લગાવે.

**૧૩. યુએન (UN) ની મંજૂરી:** આ શરતોના અમલીકરણ પર નજર રાખવા એક વિશેષ મોનિટરિંગ સિસ્ટમ બનાવવામાં આવશે, અને આખરી કરારને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના પ્રસ્તાવ દ્વારા મંજૂરી આપવામાં આવશે.

**૧૪.મિસાઈલ પ્રોગ્રામ ડીલની બહાર:** સૌથી મહત્વની વાત એ છે કે, ઈરાનનો વિવાદાસ્પદ મિસાઈલ પ્રોગ્રામ અને તેના દ્વારા પ્રાદેશિક 'રેઝિસ્ટન્સ ગ્રુપસ' (પ્રતિરોધક જૂથો) ને અપાતું સપોર્ટ આ શાંતિ સમજૂતીનો ભાગ નથી.

અહેવાલો અનુસાર, ઈરાન પોતાની શરતો પર મક્કમ છે. જ્યાં સુધી અમેરિકા શરૂઆતના ૧૨ અબજ ડોલર મુક્ત નહીં કરે, ઓઈલ પરના પ્રતિબંધો નહીં હટાવે અને નૌકાદળની નાકાબંધી ખતમ નહીં કરે, ત્યાં સુધી આખરી તબક્કાની સત્તાવાર વાતચીત શરૂ કરવામાં આવશે નહીં.

# નેતાન્યાહૂ અડિયલ છે, તેમણે મારો આભાર માનવો જોઈએ: ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૫**

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો તણાવ હવે અંત તરફ આગળ વધી રહ્યો હોય તેવા સંકેતો મળી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે આ અંગે એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે બંને દેશો આગામી ૧૯ જૂનના રોજ સ્વિટ્ઝરલેન્ડના જિનેવા ખાતે એક ઐતિહાસિક શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર કરશે. જોકે, આ ડીલની જાહેરાત કરવાની સાથે જ ટ્રમ્પે ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ પર આકરા પ્રહારો કર્યા છે. ટ્રમ્પે નેતન્યાહૂને અત્યંત અડિયલ વલણ ધરાવતા નેતા ગણાવ્યા છે અને કહ્યું છે કે અમેરિકા તરફથી ઈઝરાયલને જે પણ મદદ મળી રહી છે તેના માટે તેમણે આભારી રહેવું જોઈએ.

ડોનાલ્ડ ટ્રમ્પે એક ઈન્ટરવ્યૂમાં ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ પ્રત્યે પોતાનો ભારે આક્રોશ ઠાલવ્યો હતો. ટ્રમ્પે દાવો કર્યો હતો કે જ્યારે અમેરિકા અને ઈરાન શાંતિ સમજૂતીની ખૂબ નજીક હતા, ત્યારે જ ઈઝરાયલે લેબેનોનની રાજધાની બેરૂત પર એરસ્ટ્રાઈક કરી દીધી હતી, જેના લીધે આ આખી ડીલ 'લગભગ પાટા પરથી ઉતરી' ગઈ હતી.

નેતન્યાહૂના અડિયલ વલણ પર નારાજગી વ્યક્ત કરતા ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'તેઓ અડિયલ માણસ છે, પણ વાસ્તવિકતા એ છે કે અમેરિકા જે કંઈ કરી રહ્યું છે તેના માટે નેતન્યાહૂએ અમારા ખૂબ આભારી રહેવું જોઈએ. તેમણે ચેતવણી આપતા એમ પણ કહ્યું કે, જો ઈરાન પરમાણુ હથિયાર બનાવી લેશે તો ઈઝરાયલ તેની સામે બે કલાક પણ ટકી શકશે નહીં. ટ્રમ્પના મતે, અમેરિકા અત્યારે જે શાંતિ સમજૂતી કરી રહ્યું છે તે આખરે ઈઝરાયલના જ હિતમાં છે. આ નવી શાંતિ સમજૂતી હેઠળ અમેરિકા અને ઈરાન પોતપોતાના તમામ સૈન્ય અભિયાનો રોકવા માટે તૈયાર થયા છે. આ શરતના ભાગરૂપે ઈઝરાયલે પણ લેબેનોનમાં હિઝબુલ્લાહ વિરુદ્ધ ચાલી રહેલી તેની સૈન્ય કાર્યવાહી બંધ કરવી પડશે. જોકે, ઈઝરાયલ આ નિર્ણયથી જરાય ખુશ નથી, જેના કારણે આવનારા દિવસોમાં આ યુદ્ધવિરામ ગમે ત્યારે તૂટી જવાનો મોટો ખતરો મંડરાઈ રહ્યો છે.

### ભૂતપૂર્વ સૈન્ય ચીફ મનોજ નરવણેએ હોસાબલેના મંતવ્યોને સમર્થન આપ્યું

# પાકિસ્તાન સાથે સારા સંબંધો જરૂરી, વાતચીત ચાલુ રાખવી જોઈએ : ભાગવત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫:** આરએસએસ ચીફ મોહન ભાગવતે સંઘના જનરલ સચિવ દત્તાત્રય હોસાબલેના પાકિસ્તાન સાથે વાટાઘાટની ભલામણ કરતા નિવેદનોને સમર્થન આપતા જણાવ્યું કે સંગઠન કોઈ સ્વતંત્ર વિદેશ નીતિ નથી ધરાવતું. થિરુવનંથપુરમમાં એક કાર્યક્રમ દરમ્યાન બોલતા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી કે આરએસએસ પડોશી દેશો પ્રત્યે સરકારે અપનાવેલા વલણને ટેકો આપે છે.ભાગવતે નોંધ કરી કે તણાવપૂર્વકના સંબંધો છતાં પાકિસ્તાનમાં એવી પણ વ્યક્તિઓ છે જેઓ ભારતના ભાગલા તેમજ બે રાષ્ટ્રના સિદ્ધાંત સામે સવાલ ઉઠાવી રહ્યા છે. તેમના મતે અનેક પાકિસ્તાનીઓ માને છે કે સહઅસ્તિત્વ બહેતર હતું અને તેઓ આરએસએસ તેમજ તેની ગતિવિધિઓની પ્રશંસા પણ કરી રહ્યા છે. તેમણે આ લાગણીને દબાયેલી ભાવના ગણાવતા કહ્યું કે તેની અવગણના ન થવી જોઈએ. ભારતના સાંસ્કૃતિક મૂલ્યો પર ભાર મુકતા ભાગવતે કહ્યું કે



આપણો દેશ હિટલર જેવો નથી અને તેથી જ આપણે સંવાદના દરવાજા સંપૂર્ણપણે બંધ ન કરવા જોઈએ. તેમણે દલીલ કરી કે અન્યાય અને તાનાશાહીનો નિર્ણાયક સામનો કરવો જરૂરી છે પણ ભાવિના નિર્ણયોમાં શાંતિ અને સમાધાન માટેની તકો જાળવી રાખવી જોઈએ. તેમણે જણાવ્યું કે પાકિસ્તાન પર નિર્ણાયક વિજય મળે તો પણ તેની વસતીને સુમેળના વ્યાપક માળખામાં સામેલ કરવી જોઈએ અથવા તેઓ પોતાના રાષ્ટ્રમાં શાંતિથી રહી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. મોહન ભાગવતના નિવેદનો હોસાબલેના અગાઉના મંતવ્યોને સમર્થન આપે છે જેમાં તેમણે રાષ્ટ્રીય સુરક્ષા અને આત્મ-સન્માનની રક્ષા સાથે સંવાદ માટે અપીલ કરી હતી. ભૂતપૂર્વ સૈન્ય ચીફ મનોજ નરવણેએ હોસાબલેના મંતવ્યોને સમર્થન આપ્યું હતું પણ મહેબૂબા મુફ્તી અને કપિલ સિબ્બલ જેવા વિપક્ષી નેતાઓએ તેની ટીકા કરતા ભારત-પાકિસ્તાન સંબંધો બાબતે વ્યાપક રાજકીય ચર્ચા છેડાઈ હતી.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## મેચમાં હાઈવોલ્ટેજ ડ્રામા: સુપર ઓવરમાં શ્રીલંકાએ ભારતને હરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દાંબુલા, તા.૧૫ :** દાંબુલાના રાંગિરી દાંબુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી ટ્રાય-સિરીઝની ચોથી મેચમાં ક્રિકેટ ફેન્સને રોમાંચની સાથે-સાથે જોરદાર હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. ભારત A અને શ્રીલંકા A વચ્ચે રમાયેલો આ મુકાબલો છેલ્લી ઘડી સુધી એટલો વિવાદાસ્પદ રહ્યો કે મેદાન પર ખેલાડીઓ અને અમ્પાયરો સામસામે આવી ગયા હતા. અંતમાં, સુપર ઓવર સુધી ખેંચાયેલી આ મેચમાં શ્રીલંકાએ ભારતને હરાવ્યું હતું. મેચની છેલ્લી ઓવરથી શરૂ થયેલો વિવાદ મેચ પૂરી થઈ ત્યાં સુધી ચાલુ રહ્યો હતો.

આ રોમાંચક ડ્રામાની શરૂઆત મેચના છેલ્લા બોલે થઈ હતી. મેચ જીતવા માટે શ્રીલંકાને અંતિમ બોલ પર ૨ રનની જરૂર હતી, પરંતુ ક્રિઝ પર હાજર બેટર સી ગુણસેકરા માત્ર સિંગલ જ લઈ શક્યો હતો. બીજા રનનો પ્રયાસ કરતી વખતે ગુણસેકરા રન આઉટ થઈ ગયો અને સ્કોર બરાબર થઈ જતાં મેચ ટાઈ થઈ ગઈ હતી.

નિયમો અનુસાર, જો મેદાન પર પૂરતી પ્રકાશ હોય તો જ સુપર ઓવર કરાવી શકાય. ગુણસેકરા રન આઉટ થતાંની સાથે જ ભારતીય કેપ્ટન તિલક વર્મા અને મેદાની અમ્પાયર વચ્ચે જોરદાર ચર્ચા અને દલીલો શરૂ થઈ ગઈ હતી. બ્રોડકાસ્ટરે સ્ક્રીન પર પહેલા મેચ ટાઈ થઈ હોવાનું બતાવ્યું હતું. ટીવી સ્ક્રીન પર સતત તિલક વર્મા અમ્પાયર સાથે ઉગ્ર ચર્ચા કરતા દેખાઈ રહ્યો હતો. એવું લાગી રહ્યું હતું કે તિલક વર્મા ટાઈનો સ્વીકાર કરવા તૈયાર નહોતો અને સુપર ઓવરની માંગ કરી રહ્યો હતો. વિવાદ બાદ થર્ડ અમ્પાયરે હસ્તક્ષેપ કર્યો અને નિર્ણય આપ્યો કે આ મેચનો ફેંસલો સુપર ઓવર દ્વારા જ કરવામાં આવશે. નિયમ મુજબ શ્રીલંકાએ પહેલા બેટિંગ કરવાની હતી. આ દરમિયાન ભારતીય ખેલાડીઓ મેચ પૂરી થઈ ગઈ હોવાનું સમજીને મેદાનની બહાર ડ્રેસિંગ રૂમ તરફ જઈ ચૂક્યા હતા, જેથી તેઓ ઉતાવળે ફિલ્ડિંગ માટે પાછા આવ્યા હતા. જો કે, સામે પક્ષે શ્રીલંકાના બેટર્સે પણ મેદાન પર આવવામાં ઘણો સમય લીધો હતો. મેચમાં ડ્રામા આટલેથી જ અટક્યો નહોતો. સુપર ઓવરમાં શ્રીલંકાની બેટિંગ દરમિયાન ફરી એક નવો વિવાદ ઊભો થયો. શ્રીલંકાની સુપર ઓવરની છેલ્લી લીગલ ડિલિવરી ફેંકાય તે પહેલાં એ સવાલ ઊભો થયો કે સુપર ઓવરનો છઠ્ઠો બોલ નો-બોલ છે કે નહીં. થર્ડ અમ્પાયરે લાંબા રિવ્યુ બાદ આખરે તેને નો-બોલ જાહેર કર્યો હતો. આ નિર્ણય દરમિયાન પણ કેપ્ટન તિલક વર્મા કોઈ બાબતને લઈને મેદાની અમ્પાયર સાથે બાખડતો જોવા મળ્યો હતો. જ્યારે શ્રીલંકાની બેટિંગ પૂરી થઈ અને ટાર્ગેટ સ્પષ્ટ થઈ ગયો કે ભારતને જીતવા માટે સુપર ઓવરમાં ૧૭ રન બનાવવાના છે, ત્યારે કેપ્ટન તિલક વર્મા અમ્પાયર સામે મેદાન પરની ખરાબ લાઈટને લઈને ફરિયાદ કરતો જોવા મળ્યો. ભારતીય કેપ્ટનની ફરિયાદ બાદ અમ્પાયરે ખિસ્સામાંથી લાઈટ મીટર બહાર કાઢ્યું અને મેદાન પર પ્રકાશની સ્થિતિ ચેક કરી હતી. આ તમામ વિવાદો વચ્ચે અંતે ભારતીય ઓપનર્સ લક્ષ્યનો પીછો કરવા મેદાનમાં ઉતર્યા હતા. ભારત તરફથી સુયંશે સ્ટ્રાઈક લીધી અને વૈભવ નોન-સ્ટ્રાઈકર એન્ડ પર ઊભો રહ્યો હતો. મેદાન પર લાઈટ ઘણી ઓછી હોવાના કારણે ભારતીય બેટર્સને બોલ જોવામાં અને શોટ્સ રમવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી, જેના પરિણામે શરૂઆતના પ્રથમ ૩ બોલ પર ભારત માત્ર ૩ રન જ બનાવી શક્યું હતું. અંતિમ ૩ બોલ પર જ્યારે ભારતને જીતવા માટે ૧૪ રનની જરૂર હતી ત્યારે સ્ટ્રાઈક વૈભવ પાસે હતી. વૈભવે ચોથા બોલ પર બે રન લીધા અને ત્યારબાદ પાંચમા બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો. છઠ્ઠા બોલે વૈભવ એક પણ રન ફટકારી શક્યો નહીં અને શ્રીલંકાની જીત થઈ. શ્રીલંકા Aની આ જીત થતાંની સાથે જ તેમના ખેલાડીઓ મેદાન પર જોરશોરથી વિજય ઉત્સવ મનાવવા લાગ્યા હતા. આ જશ્ન દરમિયાન શ્રીલંકાના એક ફિલ્ડરે કથિત રીતે કોઈ ટિપ્પણી કરી, જેનાથી વૈભવ સૂર્યવંશી અત્યંત નારાજ થઈ ગયો હતો. વૈભવ અને તે શ્રીલંકન ફિલ્ડર વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું અને બંને એકબીજાની બિલકુલ નજીક આવી ગયા હતા. પરિસ્થિતિ બગડતી જોઈને સૂર્યાંશ શેડગે દોડીને આવ્યો અને વૈભવને પાછળ તરફ ખેંચી ગયો હતો. જો કે, વૈભવ એટલો ગુસ્સામાં હતો કે તે મેદાન છોડવાના મૂડમાં બિલકુલ નહોતો. લાંબા હાઈ-ડ્રામા બાદ આખરે બંને ટીમના ખેલાડીઓએ પરસ્પાર ગરમજોશીથી હાથ મિલાવ્યા અને મામલો થાળે પડ્યો હતો.

## FIFA વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડે ૩૬ વર્ષ પછી મેળવી જીત : હૈતીને ૧-૦થી હરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫ :** ફૂટબોલની મેચ માત્ર ખેલાડીઓની મહેનતથી નથી જીતાતી, ક્યારેક રેફરીની એક ભૂલ પણ આખી મેચનું પાસું પલ્ટી નાંખતી હોય છે. બોસ્ટનના મેદાન પર કંઈક એવું જ થયું. ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં સ્કોટલેન્ડે હૈતીને હરાવીને ૩૬ વર્ષ બાદ આ રમતોત્સવમાં જીતનો જશ્ન મનાવ્યો. પરંતુ, આ વિજયની ઉજવણી વચ્ચે મેદાન પર લેવાયેલા વિવાદાસ્પદ નિર્ણયોએ ફૂટબોલ જગતમાં એક નવી ચર્ચા જગાવી દીધી છે. શું ખરેખર હૈતી સાથે અન્યાય થયો? આવો જાણીએ આ રોમાંચક અને વિવાદોથી ઘેરાયેલી મેચની સંપૂર્ણ વિગત.

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રુપ Cની એક મહત્ત્વપૂર્ણ મેચમાં સ્કોટલેન્ડે હૈતી સામે ૧-૦થી શાનદાર જીત મેળવી હતી. સ્કોટલેન્ડના ફૂટબોલ ઈતિહાસ માટે આ જીત અત્યંત ભાવુક ક્ષણ લઈને આવી છે, કારણ કે ૧૯૯૦ પછી વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડની આ પ્રથમ જીત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૯૮ પછી સ્કોટલેન્ડની ટીમ પહેલીવાર ફૂટબોલ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી શકી છે. મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. ૨૯મી મિનિટે સ્કોટલેન્ડે પ્રથમ લીડ મેળવી, જે અંત સુધી નિર્ણાયક સાબિત થઈ. ફોરવર્ડ ચે એડમ્સે એક લોંગ બોલને ખૂબ જ સુંદર રીતે કંટ્રોલ કર્યો અને તેને બેન ગેનોન-ડોક તરફ પાસ કર્યો. ગેનોન-ડોક દ્વારા કરવામાં આવેલા ક્રોસને હૈતીના ડિફેન્ડરે બ્લોક કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બોલ સીધો જોન મેકગિન પાસે પહોંચી ગયો. મેકગિને કોઈ પણ ભૂલ કર્યા વિના, બોક્સની ધાર પરથી એક જોરદાર શોટ ફટકાર્યો. હૈતીનો ગોલકીપર જોની પ્લેસિડ આ શોટને રોકવામાં નિષ્ફળ રહ્યો અને બોલ સીધો નેટમાં ગયો. અલ્જેરિયાના જાણીતા રેફરી મુસ્તફા ઘોરબાલ આ મેચમાં રેફરી હતા, પરંતુ તેમના કેટલાક નિર્ણયો હૈતીની ટીમ માટે આંચકાજનક રહ્યા હતા.

**૭૩મી મિનિટનો વિવાદ:** મેચની ૭૩મી મિનિટે સ્કોટલેન્ડના એક ડિફેન્ડરને બોલ વાગ્યો હતો. હૈતીના ખેલાડીઓએ પેનલ્ટીની માંગ કરી, પરંતુ રેફરીએ તેને નકારી કાઢી હતી.

**૭૯મી મિનિટે પેનલ્ટી ન મળી:** સૌથી મોટો વિવાદ મેચની ૭૯મી મિનિટે થયો જ્યારે હૈતીના જીન-રિકનર બેલેગાર્ડે બોક્સની અંદરથી એક પાવરફુલ કિક મારી. આ બોલ સ્પષ્ટપણે બોક્સની અંદર સ્કોટિશ ડિફેન્ડરના હાથ પર વાગ્યો હતો. ફૂટબોલના નિયમો મુજબ ડી-બોક્સની અંદર હેન્ડબોલ થવા પર વિરોધી ટીમને પેનલ્ટી મળવી જોઈએ. હૈતીના ખેલાડીઓએ મેદાન પર જોરદાર અપીલ કરી, પરંતુ રેફરી મુસ્તફા ઘોરબાલે તેને અવગણી દીધી. આશ્ચર્યની વાત એ છે કે આટલી મોટી ટુર્નામેન્ટમાં VAR (વિડીયો આસિસ્ટન્ટ રેફરી) એ પણ આ નિર્ણયમાં દખલ ન કરી.

**'રેડ કાર્ડ' ન આપ્યું:** માત્ર હેન્ડબોલ જ નહીં, પરંતુ પ્રથમ હાફમાં સ્કોટલેન્ડના કેની મેકલીને હૈતીના જોસુ કાસિમીરના ઘૂંટણ પર અત્યંત ખતરનાક ટેકલ કર્યો હતો. આ ફાઉલ એટલો ગંભીર હતો કે નિયમ મુજબ મેકલીનને સીધું 'રેડ કાર્ડ' આપીને મેદાનની બહાર મોકલી શકાયો હોત, પરંતુ અહીં પણ રેફરીએ નરમ વલણ અપનાવ્યું અને રેડ કાર્ડ ન આપ્યું. એક તરફ સ્કોટલેન્ડના ફેન્સ આ જીતથી અત્યંત ખુશ છે. પરંતુ બીજી તરફ, હૈતીના ફેન્સ અને ફૂટબોલ વિવેચકો રેફરિંગના સ્તર પર સવાલ ઉઠાવી રહ્યા છે. વર્લ્ડ કપ જેવા વૈશ્વિક સ્ટેજ પર આવા નિર્ણયો મેચનું પરિણામ બદલી નાખે છે, જે ફૂટબોલની રમતની 'ફેર-પ્લે' ભાવના સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરે છે.

## નવો ઇતિહાસ રચાયો: મોરોક્કોની ઇલેવનનો એકેય ખેલાડી મોરોક્કોમાં જન્મેલો નથી!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ન્યૂ જર્સી, તા.૧૫ :** ભારતીય સમય મુજબ રવિવારે વહેલી સવારે બ્રાઝિલના ખેલાડીઓએ અહીં મોરોક્કો સામેની મૅચને ડ્રૉમાં લઈ જઈને નિરાંતનો શ્વાસ લીધો હશે, કારણકે પોતાનાથી ઊતરતા ક્રમની મોરોક્કો ની ટીમ સામે પરાજય ન જોવો મળ્યો એનો બ્રાઝિલિયનોને હાશકારો થયો હશે. જોકે આ મુકાબલો રમનાર ખુદ બ્રાઝિલના તમામ ખેલાડીઓને મોરોક્કોની લડાયક ટીમ વિશેની એક રસપ્રદ હકીકત જાણમાં નહીં હોય. મોરોક્કોની ટીમે આ વખતે એક અનોખો ઈતિહાસ રચ્યો છે. આ મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. ફિફા રૅન્કિંગમાં બ્રાઝિલ છઠ્ઠા અને મોરોક્કો સાતમા નંબરે છે.

ઉત્તર આફ્રિકામાં અલ્જિરિયા તેમજ સ્પેનના તાબા હેઠળના કેટલાક ટાપુઓની પાડોશમાં આવેલા મોરોક્કો દેશના ગોલકીપર સહિતના જે ૧૧ ખેલાડી બ્રાઝિલ સામેની મૅચમાં રમ્યા એ ઈલેવનમાંથી એકેય ખેલાડી મોરોક્કોમાં જન્મેલો નહોતો. ખરેખર તો મોરોક્કોના આ ટૂર્નામેન્ટ માટેના કુલ ૨૬માંથી ૨૦ ખેલાડીમાં બીજા દેશમાં જન્મેલા છે. આમાંથી મોટા ભાગના પ્લેયર યુરોપના દેશોમાં અથવા કૅનેડામાં જન્મેલા છે.

મોરોક્કોમાં ૯૯ ટકા ઈસ્લામ લોકોની વસતી છે. આ દેશના ફૂટબૉલ ફેડરેશને આ મૅચમાં મોરોક્કોમાં ન જનમ્યા હોય એવા તમામ ૧૧ ખેલાડીઓને મેદાન પર ઊતારીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. મોરોક્કો એવો પ્રથમ દેશ બન્યો છે જેણે ફૂટબૉલ વર્લ્ડ કપમાં એવી સ્ટાર્ટિંગ ઈલેવનને રમવા ઊતારી જેના તમામ ખેલાડીઓ મોરોક્કો સિવાયના દેશમાં જન્મેલા છે. ખેલાડીઓની આ લાઇન-અપ બતાવે છે કે ફૂટબૉલની ટૅલન્ટ વિશ્વભરમાં ફેલાયેલી છે.

### મોદીએ ખુલ્લા દિલથી કર્યું ટ્રમ્પની પીસ ડીલનું સ્વાગત

# હવે ટકાઉ અને અંતિમ સમજૂતીની આશા છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**આ સંઘર્ષને કારણે વિશ્વભરમાં ગંભીર આર્થિક ઉથલપાથલ થઈ છે : ભારતને આશા છે કે, આ કરારના અમલીકરણથી શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવામાં મદદ મળશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી શાંતિ સમજૂતી પર પહેલી પ્રતિક્રિયા આપી છે. આમાં તેમણે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ સમાપ્ત કરવા અંગે બનેલી આ સમજણનું સ્વાગત કર્યું છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X)ના માધ્યમથી આ પગલાની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, 'હું અમેરિકા અને ઈરાન વચ્ચે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ સમાપ્ત કરવા માટે બનેલી સમજણનું સ્વાગત કરું છું. આ સંઘર્ષના કારણે આખી દુનિયામાં ગંભીર આર્થિક અવરોધો ઊભા થયા અને કેટલાય દેશોમાં લોકોએ જીવ ગુમાવ્યા છે.'

પીએમ મોદીએ કહ્યું કે, સંઘર્ષનો અંત લાવવા માટે આ કરારને આવકારીએ છીએ. હવે ટકાઉ અને અંતિમ સમજૂતીની આશા છે.

પીએમ મોદીએ આ સાથે જ પશ્ચિમ એશિયામાં શાંતિની આશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, 'નવી સમજણના અસરકારક અમલીકરણથી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત થવાની આશા છે. સાથે જ આ દરિયાઈ માર્ગો પર અવરોધ વિનાની અવરજવર અને વૈશ્વિક વેપારને સુરક્ષિત રાખવામાં પણ મદદરૂપ સાબિત થશે.'

પીએમ મોદીના નિવેદનની સૌથી મહત્વની વાત હોર્મુઝ સ્ટ્રેટને લઈને રહી છે. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો કે ભારતને આશા છે કે આ સમજૂતી પછી દરિયાઈ માર્ગો પર સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થશે અને વૈશ્વિક વેપાર કોઈ પણ અવરોધ વિના સતત ચાલુ રહી શકશે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક છે, જ્યાંથી વિશ્વભરમાં તેલ અને ગેસ સપ્લાયનો મોટો હિસ્સો પસાર થાય છે. આ યુદ્ધ દરમિયાન પહેલા તો ઈરાને હોર્મુઝ પર નાકાબંધી લગાવી દીધી હતી, પછી અમેરિકાએ અહીં બેવડી નાકાબંધીની જાહેરાત કરી હતી. આ કારણે દુનિયાભરના કેટલાય દેશોમાં તેલ અને ગેસ સપ્લાયની અછત સર્જાઈ હતી.

અમેરિકા અને ઈરાને હવે યુદ્ધ સમાપ્ત કરવા માટે એક પ્રારંભિક સમજૂતી પર સહમતિ દર્શાવી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આને પોતાની રાજદ્વારી સફળતા ગણાવતા એલાન કર્યું કે હવે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે ખુલી જશે.

મળતી માહિતી મુજબ, પાકિસ્તાનની મધ્યસ્થતામાં થયેલી વાતચીત બાદ બંને દેશો યુદ્ધવિરામ પર સહમત થયા છે. આ સમજૂતી અંતર્ગત લેબનાન સહિત તમામ મોરચે સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમતિ બની છે. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે પણ સંકેત આપ્યા છે કે સૈન્ય કામગીરી કાયમી ધોરણે સમાપ્ત કરવામાં આવશે.

જો કે, ઈરાનના પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત અને અન્ય વ્યૂહાત્મક મુદ્દાઓ પર હજુ વાતચીત બાકી છે. આ વિષયો પર ૬૦ દિવસના પ્રસ્તાવિત યુદ્ધવિરામ દરમિયાન ચર્ચા થવાની સંભાવના છે.

આ સમજૂતીના સમાચાર સામે આવ્યા બાદ વૈશ્વિક બજારોમાં પણ સકારાત્મક પ્રતિક્રિયા જોવા મળી છે. કાચા તેલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે એશિયાઈ શેરબજારોમાં તેજી જોવા મળી છે.

નિષ્ણાતોનું માનવું છે કે જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં કાયમી ધોરણે સામાન્ય સ્થિતિ બહાલ થશે તો ઉર્જા બજારો પરનું દબાણ ઓછું થશે અને વૈશ્વિક અર્થતંત્રને રાહત મળશે.

## ભારતીય પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું : દેશની તમામ રિફાઈનરીઓ હાલ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે

**દેશમાં ઇંધણનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર છે, જેથી નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

ડોનાલ્ડ ટ્રમ્પની યુદ્ધ વિરામની જાહેરાત બાદ વૈશ્વિક બજાર અને ભારતીય અર્થતંત્રમાં ભારે ઉત્સાહ, હોર્મુઝ સ્ટ્રેટ મુક્ત થતાં ક્રૂડ ઓઈલનો પુરવઠો સામાન્ય થશે. આ વૈશ્વિક ડીલ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉર્જા પુરવઠો ફરી સામાન્ય થવાની આશા જીવંત થઈ છે. ભારતીય પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, દેશની તમામ રિફાઈનરીઓ હાલ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે અને દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે, દેશમાં ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર છે, જેથી નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

આ વૈશ્વિક ડીલ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉર્જા પુરવઠો ફરી સામાન્ય થવાની આશા જીવંત થઈ છે. ભારતીય પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, દેશની તમામ રિફાઈનરીઓ હાલ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે અને દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે, દેશમાં ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર છે, જેથી નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

છેલ્લા કેટલાક દિવસોમાં દેશના કેટલાક પેટ્રોલ પંપો (રિટેલ આઉટલેટ્સ) પર સામાન્ય કરતાં વધુ ભીડ અને વેચાણ જોવા મળ્યું છે, જે અંગે પણ મંત્રાલયે ખુલાસો કર્યો છે.

આ ભીડનું મુખ્ય કારણ એ છે કે જે ઔદ્યોગિક, વ્યવસાયિક અને સંસ્થાકીય ગ્રાહકો અત્યાર સુધી સીધું બલ્કમાં ઈંધણ ખરીદતા હતા, તેઓ પણ હવે સામાન્ય પેટ્રોલ પંપ પરથી ખરીદી કરી રહ્યા છે. આ બદલાવને કારણે સ્થાનિક રિટેલ આઉટલેટ્સ પર કામચલાઉ ધોરણે ભીડ અને વેચાણમાં વધારો નોંધાયો છે.

બીજી તરફ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે ઈરાન સાથે થયેલા કરાર મુજબ વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વનો ગણાતો 'હોર્મુઝ સ્ટ્રેટ' નો દરિયાઈ માર્ગ હવે કોઈપણ ટોલ વિના ખોલવામાં આવશે. આ માર્ગ પરથી નૌકાદળની નાકાબંધી પણ સંપૂર્ણપણે હટાવી દેવામાં આવી છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના ૧૦૭ દિવસના આ ભયાનક સંઘર્ષનો અંત આવવાથી ભારતીય અર્થતંત્રને મોટો વેગ મળશે, પશ્ચિમ એશિયાના દેશોમાં ભારતની નિકાસ વધશે અને ભારતીય રૂપિયામાં પણ સ્થિરતા આવશે.

ઉલ્લેખનીય છે કે, આ લાંબા સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ $100 ને પાર થઈ ગયા હતા.

આ લડાઈ ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના પરમાણુ મથકો પર સૈન્ય કાર્યવાહી કરી હતી. આ યુદ્ધની સીધી નકારાત્મક અસર ભારતના વેપાર પર પડી હતી, જેના કારણે માર્ચ મહિનામાં ભારતની નિકાસ ૭.૪૪% ઘટીને $38.92 બિલિયન થઈ ગઈ હતી, જે છેલ્લા ૫ મહિનાનો સૌથી મોટો ઘટાડો હતો.

## આસામમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને નવાં આધાર કાર્ડ નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા.૧૫**

આસામની ભાજપ સરકારે આધાર કાર્ડને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંગે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું કે, રાજ્યમાં હવે ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને નવા આધાર કાર્ડ આપવામાં આવશે નહીં. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ દ્વારા આ દસ્તાવેજ મેળવતા રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ અપવાદરૂપ કેસ હોય, તો જિલ્લા કમિશનરે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવી પડશે, ત્યારબાદ પાત્રતા ચકાસીને સરકાર નિર્ણય લેશે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં આધાર કાર્ડ ઈશ્યુ કરવાનો દર કેટલાક જિલ્લાઓમાં ૧૦૦ ટકાથી વધુ થઈ ગયો છે, જે ચિંતાનો વિષય છે. જો કે, ચા જનજાતિ સમુદાય, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે આધાર કાર્ડની પ્રક્રિયા ચાલુ રહેશે, કારણ કે ઘણા લોકોને હજુ પણ કાર્ડ મળવાના બાકી છે. જોકે, ૧ એપ્રિલ, ૨૦૨૭થી આ સમુદાયો માટે પણ ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે આધાર કાર્ડની સેવા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે આધાર કાર્ડની પ્રક્રિયા ચાલુ રહેશે. આ ઉપરાંત, કેબિનેટે રાજ્યમાં નવા ગ્રામીણ રોજગાર યોજનાનો કાયદો (વીબી-જી રામ-જી કાયદો)ના અમલીકરણને પણ મંજૂરી આપી છે, જે ૧ જુલાઈથી લાગુ થશે. આ માટે ૨૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે હેઠળ ૧૨૫ દિવસના વેતન રોજગારનું સર્જન કરવામાં આવશે. સાથે જ, ગુવાહાટીની આસપાસ સેટેલાઈટ શહેરોના આયોજન અને વિકાસ માટે 'ગુવાહાટી સેટેલાઈટ સિટીઝ ડેવલપમેન્ટ ઓથોરિટી'ની સ્થાપના કરવામાં આવશે.

## આતંકવાદ પર રાજનાથ સિંહની આખરી ચેતવણી: આતંકવાદના ખાતમા માટે સેના સરહદ પાર કરવા તૈયાર

**પાકિસ્તાન આતંકવાદ બંધ નહીં કરે તો સિંધુ નદીનું પાણી રોકીને તેને દાણા-દાણા માટે તરસાવી દઈશું : સંરક્ષણ મંત્રી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**આગ્રા, તા.૧૫**

ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને અત્યાર સુધીની સૌથી કડક અને મોટી ચેતવણી આપી છે. ઉત્તર પ્રદેશના આગ્રામાં ૧૬મી સદીના મહાન શાસક મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરવા પહોંચેલા રાજનાથ સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના સ્વાભિમાન અને સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. ભાજપ સરકાર ન્યાય અને માનવતાના સિદ્ધાંતો પર ચાલે છે, કોઈ જાતિ કે ધર્મના રાજકારણ પર નહીં.

પૂર્વવર્તી કોંગ્રેસ સરકારો પર નિશાન સાધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ૨૦૧૪ પહેલા દેશમાં અવારનવાર આતંકવાદી ઘટનાઓ થતી હતી, પરંતુ ત્યારે કડક કાર્યવાહીનો અભાવ હતો. તાજેતરમાં થયેલી આતંકવાદી ઘટનાઓનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે, જ્યારે આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોના જીવ લીધા, ત્યારે સરકારે તાત્કાલિક કડક વલણ અપનાવ્યું છે.

રાજનાથ સિંહે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે, મેં ત્રણેય સેનાના વડાઓની બેઠક બોલાવી હતી. જ્યારે મેં તેમને પૂછ્યું કે, શું તેઓ ઓપરેશન માટે તૈયાર છે, ત્યારે આર્મી, એરફોર્સ અને નેવીના વડાઓએ હાથ ઉંચા કરીને કહ્યું કે સર, અમે પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન માટે અત્યારે જ સંપૂર્ણ રીતે તૈયાર છીએ. તેમણે સ્પષ્ટ કર્યું કે, ભારતે પોતાના સૈનિકોને ખુલ્લી છૂટ આપી દીધી છે અને જરૂર પડ્યે આતંકના ખાતમા માટે સરહદ પાર કરતા પણ સેના પાછળ નહીં હટે.

પોતાના ભાષણ દરમિયાન સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાનને લઈને અત્યાર સુધીની સૌથી મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, આતંકવાદને પ્રોત્સાહન આપવાની પાકિસ્તાની હરકતો ભારત હવે સહન નહીં કરે. વડાપ્રધાન મોદી સાથે થયેલી ઉચ્ચ સ્તરીય ચર્ચાનો હવાલો આપતા તેમણે કહ્યું કે, જો પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ નહીં આવે, તો અમે હવે સિંધુ નદી જળ કરારને સ્થગિત કરી દીધો છે. આપણા દેશનું પાણી હવે ત્યાં નહીં જાય. અમે પાકિસ્તાનને દાણા-દાણા અને પાણીના એક-એક ટીપા માટે તરસાવી દઈશું.

રાજનાથ સિંહના આ આકરા નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભારત હવે આતંકવાદ વિરુદ્ધ રાજદ્વારી અને સૈન્ય બંને મોરચે આરપારની લડાઈના મૂડમાં છે.

### NCERT ફરી વિવાદમાં

## ૪૫૦૦ વર્ષ જૂની કાંસ્ય પ્રતિમાને કપડાં પહેરાવી દીધા

**નવી બુકમાં આ પ્રતિમાને અપેક્ષાકૃત ઘાટા રંગથી રંગી દેવામાં આવી છે, તેના ધડના અમુક ભાગને ઢાંકેલો દેખાડ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

NCERT ફરી એક વાર વિવાદોમાં આવ્યું છે. સંસ્થાએ ધોરણ નવના કલાના પાઠ્યપુસ્તકમાં મોહેંજો દડોની પ્રસિદ્ધ ડાન્સિંગ ગર્લની તસવીરને ઢાંકી દીધી છે. આ ૪૫૦૦ વર્ષ જૂની કાંસ્ય પ્રતિમા દાયકાઓથી ભારતીય સ્કૂલોના પાઠ્યપુસ્તકોનો ભાગ રહી છે. નવી બુકમાં આ પ્રતિમાને અપેક્ષાકૃત ઘાટા રંગથી રંગી દેવામાં આવી છે. તેના ધડના અમુક ભાગને ઢાંકેલો દેખાડ્યો છે. જે તેની મૂળ છબિથી એકદમ અલગ છે. આ છબિ NCERTની એ નવી કલા શિક્ષણ સિરીઝના પાઠ્યપુસ્તકમાં સામેલ છે, જેને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને રાષ્ટ્રીય પાઠ્યચર્યા રૂપરેખા અંતર્ગત પહેલી વાર ધોરણ ૧થી ૧૦ માટે તૈયાર કર્યા છે. આ પહેલનો ઉદ્દેશ્ય કલા શિક્ષણને મુખ્યધારાના શાળાકીય શિક્ષણનો ભાગ બનાવવાનો છે.

આપને જણાવી દઈએ કે, મોહેંજો દડોથી પ્રાપ્ત મૂળ કાંસ્ય પ્રતિમા ખાલી ૧૦.૫ સેમી ઊંચી છે. આ પોતાની સ્વાભાવિક અને યથાર્થપરક પ્રસ્તુતિ માટે પ્રખ્યાત છે. આ આકૃતિને ચૂડીઓ અને એક હાર ઉપરાંત નિર્વસ્ત્ર રીતે દર્શાવવામાં આવી છે. જો કે એનસીઈઆરટીના એક અધિકારીએ પુષ્ટિ કરી છે કે આ મામલાને પાઠ્યપુસ્તક વિકાસ દળ પાસે સમીક્ષા માટે મોકલવામાં આવશે. અધિકારીએ જણાવ્યું કે, આ મામલાને પાઠ્યપુસ્તક વિકાસ ટીમ પાસે મોકલવામાં આવશે અને તેઓ તેની તપાસ કરી રહ્યા છે. તેની પાછળ કોઈ ખાસ કારણ નથી. ધોરણ ૬ની સામાજિક વિજ્ઞાનની પુસ્તકમાં ડાન્સિંગ ગર્લને તેના મૂળ સ્વરૂપમાં અન્ય કેટલાય પુરાવશેષો સાથે દર્શાવવામાં આવી છે. મોહેંજો દડોની ફેમસ કાંસ્ય પ્રતિમાના પ્રસ્તુતિકરણને લઈ પહેલી વાર વિવાદ નથી થયો. આ અગાઉ પણ મે ૨૦૨૩માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેશનલ મ્યુઝિયમ એક્સ્પો ૨૦૨૩ના અવસર પર દિલ્હીના પ્રગતિ મેદાનમાં એક કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું, જ્યાં તેમણે આયોજનના શુભંકરનું અનાવરણ કર્યું હતું, જે ડાન્સિંગ ગર્લની એક સમકાલિન પ્રતિરૂપ હતી.

### દેશને સંબોધિત કરતી વખતે પીએમ સ્ટાર્મરે જાહેરાત કરી

# ૧૬ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

**આજના સમયમાં બાળકો પર સોશિયલ મીડિયાની નકારાત્મક અસરો સતત વધી રહી છે : બ્રિટનના વડા પ્રધાન**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૧૫**

બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરે દેશના બાળકોની "ખુશી અને સલામતી" સુનિશ્ચિત કરવા માટે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. લંડનના ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટથી સોમવારે દેશને સંબોધિત કરતી વખતે પીએમ સ્ટાર્મરે જાહેરાત કરી કે, યુકેમાં હવેથી ૧૬ વર્ષથી ઓછી ઉંમરના તમામ બાળકો માટે સોશિયલ મીડિયા એપ્લિકેશન્સનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે, એક વડા પ્રધાન હોવાની સાથે-સાથે નાના બાળકોના પિતા તરીકે પણ તેમને આ નિર્ણય લેવો યોગ્ય લાગ્યો છે, કારણ કે આજના સમયમાં બાળકો પર સોશિયલ મીડિયાની નકારાત્મક અસરો સતત વધી રહી છે.

વડા પ્રધાન કીર સ્ટાર્મરે સ્વીકાર્યું કે વિશ્વની કેટલીક સૌથી મોટી ટેક કંપનીઓ સામે આ પ્રકારના કડક નિયમો લાગુ કરવા બિલકુલ સરળ નથી. ઘણી મોટી કંપનીઓ આ નિર્ણયને પાછો ખેંચવા માટે સરકાર પર દબાણ પણ લાવી રહી છે, પરંતુ બાળકોનું સ્વાસ્થ્ય અને તેમનું સુખાકારી સરકાર માટે સર્વોપરી છે અને આ નિયમ કોઈપણ ભોગે દેશમાં લાગુ કરવામાં આવશે.

પીએમ સ્ટાર્મરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ નિર્ણયની માહિતી શેર કરતા લખ્યું કે, દેશના મોટાભાગના માતા-પિતાએ તેમને ફરિયાદ કરી હતી કે તેમના બાળકો સ્માર્ટફોનના વ્યસની બની ગયા છે. તેમણે ઉમેર્યું, "આજે બાળકોને એક એવી દુનિયામાં જીવવું પડી રહ્યું છે જ્યાં ટેકનોલોજી તેમના જીવનના દરેક પાસામાં દખલ કરી રહી છે. હું આ સ્થિતિને વધુ સમય સુધી ચાલુ રાખવા દઈ શકું નહીં. આ નિર્ણય દ્વારા અમે બાળકોને તેમનું બાળપણ પાછું આપવા જઈ રહ્યા છીએ."



આ પ્રતિબંધને સફળ બનાવવા માટે બ્રિટિશ સરકારે તાજેતરમાં જ ટેક કંપનીઓ પર દબાણ વધાર્યું છે અને તેમને અનેક નવા નિયમોનું પાલન કરવા જણાવ્યું છે. સરકારે આ કંપનીઓને યૂઝર્સની ઉંમરની સચોટ ચકાસણી (વય ચકાસણી) કરવા અને તેમના અલ્ગોરિધમમાં તાત્કાલિક ફેરફાર કરવાના આદેશ આપ્યા છે. આ ઉપરાંત, બાળકોને પોર્નોગ્રાફી જેવી આપત્તિજનક સામગ્રીથી બચાવવા માટે પણ નવા પગલાં લેવા જણાવાયું છે. સરકાર માત્ર સોશિયલ મીડિયા જ નહીં, પરંતુ ઓનલાઈન ગેમિંગ અને વિડીયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર થતા લાઈવ સ્ટ્રીમિંગ પર પણ પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાળકોને સોશિયલ મીડિયાના જોખમોથી બચાવવા માટે ગયા વર્ષે ઓસ્ટ્રેલિયાએ પણ કિશોરો અને બાળકો માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂક્યો હતો, જેની યુરોપ સહિતના ઘણા દેશોએ પ્રશંસા કરી હતી.

આ સિવાય તાજેતરમાં જ કેનેડાએ પણ જાહેરાત કરી છે કે તે સોશિયલ મીડિયા સંબંધિત તેના નિયમોમાં મોટો ફેરફાર કરીને બાળકોના ઓનલાઈન વપરાશ પર નિયંત્રણ લાવશે. હવે બ્રિટને પણ આ દિશામાં મોટું પગલું ભરી દીધું છે.

# દરિયામાં રશિયન ઓઇલ ટેન્કર પર બ્રિટિશ કમાન્ડોના દરોડા



**ઉલ્લંઘનની આશંકાના આધારે ૩૮ વર્ષના એક ભારતીય નાગરિકની અટકાયત કરી છે અને તેની કડક પૂછપરછ હાથ ધરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૧૫**

બ્રિટિશ સેનાએ ઇંગ્લેન્ડના દક્ષિણ દરિયાકાંઠે એક મોટું ઓપરેશન હાથ ધરીને રશિયાના એક શંકાસ્પદ ઓઇલ ટેન્કર સ્મર્ટોસ પર મરીન કમાન્ડો અને નેશનલ ક્રાઈમ એજન્સી દ્વારા દરોડો પાડ્યો છે. હેલિકોપ્ટરની મદદથી હવામાંથી કરાયેલી આ દિલધડક કાર્યવાહી આશરે ૬ કલાક સુધી ચાલી હતી, જેની મદદથી હવે આખા જહાજને બ્રિટિશ સેનાએ પોતાના અંકુશમાં લઈ લીધું છે. કેમરૂન દેશનો ધ્વજ ફરકાવેલું આ જહાજ રશિયાના શેડો ફ્લિટ (પ્રતિબંધોથી બચીને ઓઇલની હેરફેર કરતો કાફલો)નો ભાગ હોવાની શંકા છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન માટે મોટો આંચકો ગણાતી આ ઘટનાએ ભારતની ચિંતા પણ વધારી દીધી છે કારણ કે, આ જહાજ પર કામ કરનારો મોટા ભાગનો સ્ટાફ ભારતીયોનો છે.

આ કથિત રશિયન ઓઇલ ટેન્કર પર કુલ ૨૪ ક્રૂ મેમ્બર્સ સવાર છે, જેમાંથી ૨૨ નાવિકો ભારતીય છે અને બાકીના જોર્જિયાના નાગરિકો છે. આ ટેન્કર રશિયાના ઉસ્ત-લુગા બંદરથી ઇજિપ્તના પોર્ટ સઈદ તરફ જઈ રહ્યું હતું. બ્રિટનની નેશનલ ક્રાઈમ એજન્સીના અધિકારીઓએ રશિયા પર લાદવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોના ઉલ્લંઘનની આશંકાના આધારે ૩૮ વર્ષના એક ભારતીય નાગરિકની અટકાયત કરી છે અને તેની કડક પૂછપરછ હાથ ધરી છે. જોકે, બાકીના તમામ ભારતીય નાવિકો હાલ જહાજ પર જ સુરક્ષિત છે અને બ્રિટિશ એજન્સીઓની તપાસમાં સહયોગ આપી રહ્યા છે. બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઇંગ્લિશ ચેનલમાં કરવામાં આવેલું આ પ્રકારનું આ પહેલું અને સૌથી મોટું સૈન્ય ઓપરેશન છે. આ સફળતા બદલ સેનાને અભિનંદન આપતા બ્રિટનના પીએમ કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે, આ કાર્યવાહીથી રશિયાને આર્થિક અને વ્યૂહનીતિના મોરચે બહુ મોટો ઝટકો લાગ્યો છે. યુક્રેન યુદ્ધમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની સૈન્ય તાકાત વધારનારા અને યુદ્ધને પ્રોત્સાહન આપનારા લોકોને વૈશ્વિક સ્તરે ક્યાંય છુપાવવા દેવામાં નહીં આવે. જોકે, આ સૈન્ય કાર્યવાહી અંગે રશિયા (મોસ્કો) તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી, પરંતુ રશિયા અગાઉ બ્રિટનના આવા પગલાંને ગેરકાનૂની અને સમુદ્રી લૂંટફાટ ગણાવી ચૂક્યું છે.

બ્રિટિશ સંરક્ષણ મંત્રાલય દ્વારા આ ઓપરેશનનો એક રોમાંચક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે. આ ફૂટેજમાં આધુનિક એસોલ્ટ રાઈફલોથી સજ્જ બ્રિટિશ મરીન કમાન્ડો ચિનૂક, મર્લિન અને વાઈલ્ડકેટ જેવા શક્તિશાળી હેલિકોપ્ટરોમાંથી દોરડાના સહારે જહાજ પર ઉતરતા જોઈ શકાય છે. સેનાના જવાનોએ જહાજની અંદર ઘૂસીને તમામ રૂમ અને ગલિયારાઓની તપાસ કરી હતી, જ્યારે NCAના અધિકારીઓ જહાજના દસ્તાવેજો ચકાસતા જોવા મળ્યા હતા. આ સમગ્ર ઓપરેશનમાં રોયલ એરફોર્સના P-8A સમુદ્રી ગશ્તી વિમાન અને નેવીના શક્તિશાળી જહાજો HMS સધરલેન્ડ અને HMS લેડબરીએ પણ ભાગ લીધો હતો. આ જહાજ પર બ્રિટને ગયા વર્ષે ઓક્ટોબરમાં જ પ્રતિબંધ મૂક્યો હતો.

# સ્ટેનફોર્ડમાં સુંદર પિચાઈનો ભારે વિરોધઃ વિદ્યાર્થીઓએ કર્યો વોકઆઉટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સ્ટેનફોર્ડ, તા.૧૫**

યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં એક પદવીદાન સમારોહ કાર્યક્રમમાં મેદાન વિદ્યાર્થીઓથી ભરેલું હતું. આ દરમિયાન ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ પોતાનું ભાષણ શરૂ કરવાના હતા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. તેવામાં કેટલાક વિદ્યાર્થીઓએ મજાક ઉડાવીને વોકઆઉટ કરતા કાર્યક્રમ પર અસર પડી હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પિચાઈ સ્ટેજ પર પહોંચી ભાષણ શરૂ કરવાના હતા એટલામાં કેટલાક વિદ્યાર્થીઓ બૂમો પાડ્યા લાગ્યા હતા અને ભારે વિરોધ કર્યો હતો. એવું કહેવાય છે કે, કેટલાક વિદ્યાર્થીઓ સૂત્રોચ્ચાર કરતા મેદાન છોડીને પણ ગયા હતા. જોકે, ફક્ત પિચાઈ જ નહીં પરંતુ કાર્યક્રમમાં હાજર રહેલા ઘણા અન્ય મહેમાનોને પણ તેમના ભાષણ દરમિયાન આવા જ વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

અહેવાલો અનુસાર, વિદ્યાર્થીઓ ઈઝરાયલી સરકાર સાથેના ગૂગલના કરારનો વિરોધ કરી રહ્યા હતા. કેટલાક લોકોએ ફ્રી પેલેસ્ટાઈનના નારા લગાવ્યા હતા. પ્રોજેક્ટ નિમ્બસને લઈને આ વિરોધ થયો હોવાનું જણાય છે. જોકે, પિચાઈએ તેમના ભાષણમાં AIનો ઉલ્લેખ પણ કર્યો ન હતો અને તેમને વિદ્યાર્થીઓના રોષનો સામનો કરવો પડ્યો હતો. નોંધનીય છે કે, પિચાઈ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ હતા. ૧.૨. બિલિયન ડોલરના પ્રોજેક્ટમાં ક્લાઉડ કમ્પ્યુટિંગ અને AIનો સમાવેશ થાય છે. ઈઝરાયલી સરકારે આ પ્રોજેક્ટ ગૂગલ અને એમેઝોનને આપ્યો હતો. વિદ્યાર્થીઓનો દાવો છે કે, આ પ્રોજેક્ટ ઈઝરાયલી સરકારના કાર્યને સમર્થન આપે છે. આ વિકાસ



એવા સમયે થયો છે જ્યારે ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ શાંતિ કરારની નજીક હતા. જોકે, હવે તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

જ્યારે કાર્યક્રમ પછી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો વિશે પૂછવામાં આવ્યું ત્યારે પિચાઈએ કોઈ જવાબ આપ્યો નહીં. તેમના ભાષણ દરમિયાન તેમણે સામાન્ય રીતે વાત કરી. તેમણે કહ્યું કે, સમાચારો પરથી એવું વિચારવું સહેલું છે કે આપણે ખૂબ જ પડકારજનક સમયમાં જીવી રહ્યા છીએ. મારા માટે એ યાદ રાખવું જરૂરી છે કે દરેક પેઢીએ પોતાના સમયમાં પડકારોનો સામનો કર્યો છે.




### ધમાલ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ ૧૦ જુલાઈએ રિલીઝ થશે

# અજય દેવગન, રિતેશ દેશમુખ અને અર્શદ વારસીની ગેંગ ખજાનાની શોધ કરશે




**'ધમાલ ૪'માં અજય દેવગન, અર્શદ વારસી, રિતેશ દેશમુખ, જાવેદ જાફરી અને સંજય મિશ્રા મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કેટલીક બહુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક ધમાલ ૪નું ટ્રેલર આખરે લોંચ થઈ ગયું છે, જેમાં એડવેન્ચર થીમની સમગ્ર કાસ્ટની ઝલક પણ મળે છે. આ ફિલ્મ ૧૦ જુલાઈએ રિલીઝ થવાની છે, હવે આ જાણીતી ગેંગ મુંઝવણ, સ્પર્ધા અને જોખમી એડવેન્ચરની ગડબડ સાથે ખજાનાની શોધમાં નીકળશે.

મુંબઇના એક એડવેન્ચર થીમ પાર્કમાં આ ટ્રેલર લોંચ કરવામાં આવ્યું હતું. જ્યાં ઈવેન્ટના સ્થળને પણ એડવેન્ચર્સ લાર્જર ધેન લાઈફ સેટ તૈયાર કરાયો હતો. જેમાં ફરી એક વખત ધમાલ સિરીઝ માટે ઉત્સુકતા વધારવાના હેતુથી આ રીતે ટ્રેલર લોંચ કરવામાં આવ્યું હતું.




ટ્રેલરમાં ફિલ્મની વાર્તાની ઘણી મહત્વની બાબતોને ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ તે હરિફાઈ, લાલચ અને નસીબની આસપાસ ગૂંથાયેલી ફિલ્મની ઝલક આપે છે. ખજાનાની શોધમાં નીકળેલા દરેક પાત્ર એકબીજાને પાછળ પાડવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. અંતે ખજાનો કોના હાથ લાગે છે અને કોણ સફળ થાય છે, તેનો રહસ્ય ફિલ્મ રિલીઝ થયા બાદ જ ખુલશે.

'ધમાલ ૪'માં અજય દેવગન, અર્શદ વારસી, રિતેશ દેશમુખ, જાવેદ જાફરી અને સંજય મિશ્રા મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ઉપરાંત ફિલ્મમાં ઈશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પટકર અને રવિ કિશન પણ મહત્વના પાત્રોમાં છે.

વર્ષો દરમિયાન 'ધમાલ' ફ્રેન્ચાઈઝીએ પોતાની સ્લેપસ્ટિક કોમેડી, અનોખા પાત્રો અને મલ્ટી-સ્ટારર સ્ટોરી દ્વારા મજબૂત ચાહકવર્ગ ઊભો કર્યો છે. ફ્રેન્ચાઈઝીની નવી ફિલ્મ પણ આ જ ફોર્મ્યુલાને આગળ વધારતી જોવા મળે છે, પરંતુ આ વખતે તેની વાર્તા એક રોમાંચક ખજાનાની શોધ પર આધારિત છે. ટ્રેલર રિલીઝ થયા બાદ 'ધમાલ ૪' જુલાઈ ૨૦૨૬ની સૌથી મોટી બોલિવૂડ રિલીઝમાંની એક બની ગઈ છે.

### અહાન પાંડે અને અનીત પડ્ડાનાં મેચિંગ ટેટ્ટુ સોશિયલ મીડિયામાં વાયરલ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અહાન પાંડે અને અનીત પડ્ડા જ્યારથી સૈયારા આવી ત્યારથી ખુબ જાણીતા થઈ ગયાં છે. તેઓ બંને એકબીજાનાં બહુ સારા મિત્રો હોવાનો દાવો કરે છે અને એવું પણ કહી ચુક્યાં છે કે તેઓ બંને એકબીજાને જેટલું સમજે છે એટલું સહજ રીતે તેમને બીજું કોઈ સમજી શકતું નથી. તેઓ એકબીજાને ડેટ કરતા હોવાની ચર્ચાઓ પણ થતી રહે છે, પરંતુ બેમાંથી કોઈએ હજુ સુધી આ વાત સ્વીકારી નથી. હવે અનીત અને અહાન ફરી એક વખત મોહિત સુરીની ફિલ્મમાં સાથે કામ કરી રહ્યા છે, ત્યારે તેમનાં મેચિંગ ટેટ્ટુનો એક ફોટો વાયરલ થયો છે. આ ફોટોથી તેમનાં ફેન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયાં છે. આ ફોટોમાં તેમની બંનેની ડોકમાં પાછળ એક સરખાં ટેટ્ટુ દેખાય છે. તેમની આ વાયરલ તસવીરોમાં હજારો કમેન્ટ્સ અને રીએક્શન આવી રહ્યા છે.

એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું, "અહાન પાંડે અને અનીત પડ્ડાના ટેટ્ટુ એકસરખાં છે. કેટલો સુંદર અને જવંત દિવસ છે!" જોકે, બંને કલાકારોએ અત્યાર સુધી આ ટેટ્ટુ પાછળના અર્થ વિશે જાહેરમાં કોઈ સ્પષ્ટતા કરી નથી અને તેમના વચ્ચેના પ્રેમસંબંધની અફવાઓ અંગે પણ કોઈ પ્રતિભાવ આપ્યો નથી. ફિલ્મોની વાત કરીએ તો, અનીત પડ્ડાએ તાજેતરમાં 'શક્તિ શાલિની'નું શૂટિંગ પૂરું કર્યું છે. આ ફિલ્મ મેડોક હોરર કોમેડી યુનિવર્સની આગામી ફિલ્મ છે. બીજી તરફ, અહાન પાંડે નિર્દેશક અલી અબ્બાસ ઝફરની આગામી એક્શન-રોમાન્સ ફિલ્મમાં મુખ્ય ભુમિકામાં જોવા મળશે, જેમાં તેની સામે શર્વરી હશે. આ ઉપરાંત, અહાન અને અનીત ફરી એકવાર મોહિત સુરીની આગામી ફિલ્મમાં સાથે સ્ક્રીન શેર કરે તેવી પણ ચર્ચા ચાલી રહી છે.

### જુનૈદને ઓળખવામાં બીજીવાર થાપ ખાઈ ગયો

# સલમાનના બોડી ગાર્ડે આમિરના પુત્ર જુનૈદને હડસેલી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

'લગાન'ના પચ્ચીસ વર્ષ તેમજ આમિર ખાન પ્રોડક્શન્સની સિલ્વર જ્યુબિલી ઉજવણીના પ્રસંગે અનેક બોલીવૂડ સ્ટાર્સ એકત્ર થયા જેમાં સલમાન ખાન પણ સામેલ હતો. પ્રસંગ દરમ્યાન આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન સલમાનને મળવા તેના તરફ ગયો, પણ સલમાનના સુરક્ષાકર્મીઓએ તેને ઓળખ્યો ન હતો અને તેને એકબાજુ હડસેલી દીધો હતો. જોકે, સલમાનની નજર તેના પર પડતા તેણે તુરંત જુનૈદને આવકાર્યો અને બંને ભેટી પડયા હતા. આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો વાયરલ થયો છે.



લોકોએ નોંધ્યું હતું કે, બાદમાં સલમાનનો ઉમળકો જોઈને તેનો બોડીગાર્ડ ભોંઠો પડી ગયો હતો. રસપ્રદ બાબત છે કે આ ઘટના પ્રથમ વાર નથી બની. ગયા વર્ષે 'સિતારે ઝમીન પર'ના સ્ક્રીનિંગ દરમ્યાન આવી જ રીતે જુનૈદને સલમાનના બોડીગાર્ડોએ અટકાવી દીધો હતો. તેઓ જુનૈદને ઓળખી નહોતા શક્યા. વારંવાર બનેલી આ ઘટનાએ ઓનલાઈન ચર્ચાને વેગ આપ્યો હતો અને ઘણા ચાહકોએ જુનૈદના સરળ વ્યક્તિત્વની પ્રશંસા કરી હતી.

થિયેટરમાં તાલીમ મેળવનાર તેમજ મુંબઈની કોલેજમાં શિક્ષિત થયેલા અને ન્યુ યોર્કમાં અમેરિકન એકડમી ઓફ ડ્રેમેટીક આર્ટ્સમાં તાલીમ લીધેલા જુનૈદે તેનું અભિનય ડેબ્યુ 'મહારાજ' (૨૦૨૪)માં કર્યું હતું જેના પછી તેની 'લવયપા' (૨૦૨૫) અને 'એક દિન' (૨૦૨૬) ફિલ્મો રજૂ થઈ હતી.

# કંગના રનૌતની ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' હરિયાણા અને દિલ્હીમાં ટેક્સ-ફ્રી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવુડ ક્વીન કંગના રનૌતની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. રિલીઝ થતાની સાથે જ આ ફિલ્મ દેશભરમાં ભારે ચર્ચા જગાવી રહી છે અને તેને દર્શકો તરફથી શાનદાર પ્રતિસાદ મળી રહ્યો છે. આ દરમિયાન ફિલ્મની મજબૂત વાર્તા અને દેશભક્તિના સંદેશને ધ્યાનમાં રાખીને હરિયાણા અને દિલ્હી સરકાર દ્વારા આ ફિલ્મને 'ટેક્સ-ફ્રી' જાહેર કરવામાં આવી છે.

શનિવારે ચંડીગઢ ખાતે ફિલ્મની સ્ટારકાસ્ટ અને મેકર્સ દ્વારા એક સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ વિશેષ હાજરી આપી હતી અને ફિલ્મ નિહાળી હતી. ફિલ્મ જોયા બાદ મીડિયા સાથે વાતચીત કરતા મુખ્ય પ્રધાન સૈની ભાવુક થયા હતા અને ફિલ્મના વખાણ કરતા જણાવ્યું કે, 'મેં આ ફિલ્મ જોઈ છે અને હું એટલું જ કહેવા માંગીશ કે આવી પ્રેરણાદાયી ફિલ્મો જે આપણને સાહસ, કરુણા, કર્તવ્ય અને માનવતાનો પાઠ ભણાવે છે તે આપણા સૌએ જોવી જોઈએ. આ ફિલ્મ આપણને આપણા કર્તવ્યોનો અહેસાસ કરાવે છે, તેથી અમે તેને હરિયાણામાં 'ટેક્સ-ફ્રી' જાહેર કરવાનો નિર્ણય કર્યો છે'.

હરિયાણા પહેલા દેશની રાજધાની દિલ્હીમાં પણ આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવામાં આવી છે. દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પણ કંગના રનૌતની એક્ટિંગની સોશિયલ મીડિયા પર ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી. મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પોતાના સત્તાવાર એક્સ હેન્ડલ પર પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'કંગના રનૌતજીનું દમદાર પર્ફોર્મન્સ ફિલ્મની લાગણીઓ અને તેના સંદેશને વાચકો-દર્શકો સુધી ખૂબ જ સુંદર રીતે પહોંચાડે છે. આવી ફિલ્મો સમાજમાં સેવા, સંવેદનશીલતા અને કર્તવ્યની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. ફિલ્મની પૂરી ટીમને દિલથી શુભકામનાઓ'.

મનોજ તાપડિયા દ્વારા લિખિત અને નિર્દેશિત આ ફિલ્મની વાર્તા ૨૬/૧૧ ના મુંબઈ આતંકવાદી હુમલાની સત્ય ઘટનાઓ અને પૃષ્ઠભૂમિ પર આધારિત છે. ફિલ્મની વાર્તા મુંબઈની જાણીતી કામા હોસ્પિટલ અને ત્યાં ફરજ બજાવતી બહાદુર નર્સોની આસપાસ ફરે છે. ૨૬/૧૧ના તે કાળા દિવસે જ્યારે આતંકીઓએ હોસ્પિટલને નિશાન બનાવી હતી, ત્યારે ત્યાંની નર્સોએ પોતાની જાન જોખમમાં મૂકીને ૪૦૦થી વધુ દર્દીઓ અને નવજાત બાળકોના જીવ બચાવ્યા હતા. આ ફિલ્મમાં કંગના રનૌત મુખ્ય ભૂમિકામાં છે, જે આ સાહસિક નર્સોના સંઘર્ષ અને વિરોધ સામે અડીખમ ઊભા રહેવાની ક્ષમતાને પડદા પર જીવંત કરે છે. સિનેમાઘરોમાં રિલીઝ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહેલી 'ભારત ભાગ્ય વિધાતા' હવે




ટેક્સ-ફ્રી થવાને કારણે વધુમાં વધુ લોકો સુધી પહોંચશે અને કમાણીના નવા રેકોર્ડ સર્જશે તેવી આશા સેવાઈ રહી છે.

# મિશન-૨૦૪૭ અંતર્ગત બે દિવસીય યુવા ચિંતન શિબીરનું થયેલું સફળ સમાપન




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૫

સરદાર સાહેબના આદર્શો પર ચાલતી સરદારધામ સંસ્થા દ્વારા તેના ૧૦ વર્ષના રોડમેપ મિશન-૨૦૨૬ની પરિણામલક્ષી અભુતપુર્વ સફળતા બાદ આગામી ૨૦ વર્ષનો રોડમેપ નક્કી કરવા મિશન-૨૦૪૭ અંતર્ગત બે દિવસીય યુવા ચિંતન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદારધામ હંમેશાં યુવાઓને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે છે ત્યારે યુવાશક્તિના વિચારો, અપેક્ષાઓ, પડકારો અને ભવિષ્ય માટેના વિઝનને નજીકથી સમજવાના હેતુથી આ બે દિવસીય યુવા ચિંતન શિબીરનું આયોજન સરદારધામ અમદાવાદ ખાતે કરાયું હતું.

આ બે દિવસીય ચિંતન શિબીરમાં સરદારધામના ૫૫ વર્ષની નીચેના સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ, યુવા સંગઠનના હોદ્દેદાર, જીપીબીઓના હોદ્દેદાર, અધિકારી મિત્રો અને ટીમ સરદારધામના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ચિંતન શિબીરના પહેલા દિવસે ઉદ્ઘાટન સમારંભ બાદ સેશન-૧ માં એક સંકલ્પ સમૃધ્ધિ કી ઓર અંતર્ગત ૧૦ હજાર યુવાનોને રાષ્ટ્રીય-આંતર રાષ્ટ્રીય પ્લેટફોર્મ પુરૂં પાડવા માટે તેમજ સેશન-૨માં એક સંકલ્પ સુરક્ષા કી ઓર અંતર્ગત બ્યુરોક્રેટસ, જ્યુડિસરી, મિડિયા, ડીફેન્સમાં વધુમાં વધુ યુવાધનને કઈ રીતે મોકલી શકાય તે વિષય પર યુવાનો દ્વારા ચિંતન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સેશન-૩માં એક સંકલ્પ શિક્ષીત સમાજ કી ઓર અંતર્ગત વિવિધ એકેદમી દ્વારા યુવાનોને શિક્ષીત-વિકસીત-દિક્ષીત કરવા કઈ રીતે ઉપયોગી થઈ શકાય તે માટેનું ચિંતન કરવામાં આવ્યું હતું. ચિંતન શિબીરના પ્રથમ દિવસે રાત્રે આખા દિવસના મનન-મંથન બાદ યુવાનોના મનોરંજન માટે સુરમયી સાંજનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં યુવાનોએ સંગીતનો આહલાદક આનંદ મેળવ્યો હતો.

શિબીરના બીજા દિવસે યોજાયેલા સેશન-૪માં ‘‘એક સંકલ્પ-તંદુરસ્ત સમાજ કી ઓર’’ વિષય હેઠળ કુદરતી જીવનશૈલી, યંગ ઈન્ડિયા-ફીટ ઈન્ડિયા-હીટ ઈન્ડિયા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા અને ચિંતન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સેશન-૫માં ‘‘એક સંકલ્પ-લીડરશીપ એવમ એક્તા કી ઓર’’ વિષય અંતર્ગત સમાજ જોડો અભિયાન અને પંચાયત સે પાર્લામેન્ટ જેવા વિષયો પર યુવાનો દ્વારા પોતાના વિચારો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. ચિંતન શિબીરના દરેક સેશનના અંતે બે ગૃપ લીડરો દ્વારા સેશનમાં થયેલ ચિંતનનું ફાઈનલ નિષ્કર્શ રજુ કરવામાં આવ્યું હતું. ચિંતન શિબીરના સમાપન સેશનમાં બે દિવસીય ચિંતન શિબીરના તારણો અને ઠરાવો રજુ કરવામાં આવ્યા હતા.

આ બે દિવસીય ચિંતન શિબીર દરમિયાન વિવિધ વિષયો પર યુવાનો સાથે ખુલ્લી ચર્ચા અને વિચારમંથન યોજાયું હતું. એ સાથે જ આ અગત્યના સેશનોમાં યુવાનોને વિકસિત ભારત, સ્ટાર્ટઅપ અને ઈનોવેશન, ડિજિટલ ઈન્ડિયા અને રાષ્ટ્ર નિર્માણમાં તથા સામાજિક જવાબદારીઓમાં યુવાનોની ભૂમિકા શું હોઈ શકે તેના જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિચાર-વિમર્શ કરવાની તક મળી હતી. આ પહેલ દ્વારા સરદારધામે યુવાઓને માત્ર સહભાગી નહીં પરંતુ પરિવર્તનના સક્રિય ભાગીદાર તરીકે જોડીને સરદારધામના વર્ષ ૨૦૪૭ના રોડમેપમાં તેમની સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરી હતી. આ ચિંતન શિબીરનો મુખ્ય ઉદ્દેશ યુવા શક્તિમાં સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટેની ભાવના ઉજાગર કરવાનો હતો. આ શિબીરમાં ૨૫૦થી વધુ યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના વિચારો, સૂચનો તથા અભિપ્રાયો દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ સમગ્ર ચિંતન શિબીરનું આયોજન યુવા સંગઠન તથા જીપીબીઓના હોદ્દેદારો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા નોટબુક, સ્કૂલબેગ તથા પાણીની બોટલનું ફ્રીમાં વિતરણ કરાયું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૫

કિલ્લા પારડી સ્થિત પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા પારડી ખાતે આવેલ પ્રાથમિક શાળાના બાળકોને ફ્રીમાં નોટબુક, સ્કૂલબેગ તથા પાણીની બોટલનું વિતરણ તારીખ ૧૫/૦૬/૨૦૨૬ના રોજ પારડી કંસારવાડ સ્થિત કન્યાશાળા કુમારશાળા તથા પારડીમાં આવેલ અન્ય એકથી પાંચ ધોરણની પ્રાથમિક શાળાના વિવિધ વિદ્યાર્થીઓને ફ્રીમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વિતરણ કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ શ્રી નરેશભાઈ, ઉપપમુખશ્રી મહેશભાઈ, મંત્રી શ્રી પ્રફુલભાઈ, શ્રી કેઝારભાઈ, શ્રી જયંતીભાઈ, શ્રીમતી મીનાબેન તથા લાયન્સ ક્લબના શ્રીમતી ભૂમિકાબેન તથા શ્રીમતી ભક્તિબેન ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાથમિક શાળાના શિક્ષક નલીનીબેન અને પન્નાબેનને સાથે રાખી દરેક વિદ્યાર્થીઓને નોટબુક, સ્કુલ બેગ તથા પાણીની બોટલ ફ્રીમાં વિતરણ કરવામાં આવી હતી.

# પારડી નગરપાલિકા દ્વારા જન કલ્યાણ શિબિરનું થયેલું આયોજન






(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૫

પારડી નગરપાલિકા દ્વારા સરકારની સુચના મુજબ પારડી નગરના એક થી સાત વોર્ડના તમામ નગરજનો સરકાર દ્વારા આપવામાં આવતી તમામ યોજનાનો લાભ મેળવી શકે, બેંકોં દ્વારા વિવિધ યોજનાનો લાભ મેળવી શકે, સાયબર ફ્રોર્ડ તથા અન્ય ગુનાઓનું પારડી પોલીસ દ્વારા માર્ગદર્શન અને મેડિકલને લગતી સેવા પારડી નગરના તમામ નગરજનોને એકજ સ્થળે મળી શકે ના ઉમદા હેતુથી જન કલ્યાણ શીબીરનું આયોજન પારડી નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે તારીખ ૧૫-૬-૨૦૨૬ ના રોજ રાખવામાં આવ્યું હતું.

પારડી પ્રાંત અધિકારી નિરવભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન ઈલાબેન પરમાર, પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકા, પારડી નગર પાલિકા સદસ્ય શિરીષભાઈ પટેલ, યતીનભાઈ પ્રજાપતિ, ઉષાબેન પટેલ, અનિતાબેન રાય, જાગૃતિબેન શાહ તથા ચીફ ઓફિસર કોમલબેન ધીનૈયાની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સરકારી કચેરીઓ દ્વારા કરી આપવામાં આવતા આધાર કાર્ડ આયુષ્યમાન કાર્ડ તથા બીજી અનેક સરકારી યોજનાઓ, બેંકની વિવિધ યોજનાઓના લાભ એકજ સ્થળે મળશે અને એમના કામોનો નિકાલ એક જ સ્થળે થશે એવી આશાએ આવેલા નગરજનોમાં નિરાશા સાંપડી હતી કારણ કે અહીં વિવિધ કામો લઈને આવેલા નગરજનોને શરૂઆતમાં ફોર્મ ભરી ટોકન આપ્યા બાદ જે તે વિભાગના ટેબલો પાસે લાભાર્થીઓ જતા તેઓને પોતાના કામો માટે ફરીથી સરકારી કચેરીઓ ખાતે બોલાવવામાં આવ્યા હતા. જેને લઈ આજે સોમવાર ચાલુ દિવસ હોય રજા પાડી વિવિધ કામો થશે નહીં આશાએ આવેલા લોકોમાં નિરાશા વ્યાપી ગઈ હતી અને તેઓ પરત નિરાશ થઈ ઘરે ફર્યા હતા. આ જોતા આ કાર્યક્રમનો ફિયાસકો થયો હોય એવું જણાય આવે છે.

# વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજના બી.સી.એ. વિભાગને ડબલ ગોલ્ડ મેડલની મળેલી સિદ્ધિ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૫




આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સના બીસીએ વિભાગની વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સિદ્ધિ હાંસલ કરી કોલેજ પરિવારનું નામ ગૌરવપૂર્ણ રીતે રોશન કર્યું છે. વિદ્યાર્થીની નંદિની ગુપ્તા તથા સાક્ષી સિંગ એ એપ્રિલ ૨૦૨૬ ની પરીક્ષામાં Java Programming વિષયમાં ૧૦૦ ટકા ગુણ પ્રાપ્ત કરી યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તથા ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

આ વિષયનું અધ્યાપન જ્યોત્સના ભુવનેશ દ્વારા કરવામાં આવ્યું હતું. વધુમાં સાક્ષી સિંગ અને Web Designing વિષયમાં પણ યુનિવર્સિટીમાં સર્વોચ્ચમ ગુણ પ્રાપ્ત કરી વધુ એક ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ વિષયમાં તેમને ડો.મિત્તલ શાહ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓની આ અદ્ભુત સિદ્ધિ તેમના પરિશ્રમ, પ્રતિભા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ, બીસીએ વિભાગના એચઓડી નેહા પટેલ તથા કોલેજના સર્વ અધ્યાપક મંડળે વિદ્યાર્થીનીઓને અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.


**CHANGE OF NAME**

I have changed my old name from Bhokre Nitin Kailashrao to new name **Nitin Kailsh Bhokre** as per my documents.
***Add:*** K/303,Sai Nagar, near police station Masat, U.T of Dadra and Nagar Haveli & DD.

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૭/૦૬/૨૦૨૬ બુધવાર | ખાનવેલ | ૬૬/૧૧ કેવી ખાનવેલ સાથે જોડાયેલા બધા ગ્રાહકો | **૬૬/૧૧ કેવી ખાનવેલ સબસ્ટેશનના બધા ગામો/વિસ્તારો:** ખાનવેલ, બિન્દ્રાબીન, ચૌડા, ખુટલી, રૂડાના, તલાવલી, ચિસડા, રૂડાના, મંડોની, સિંદોની, ખેડપા, બેડપા, ઉમરવાણી, શેલ્ટી, ખેરારબારી, ઉપલામેઢા, નિચલામેઢા, વાઘચૌડા, આંબાબારી, કરચૌડ, વાસડા, બેસડા, દુધની, ગુંસા, બીલધારી, ઘોડબારી, કૌચા, જમાલપાડા **૧૧ કેવી એક્સપ્રેસ ફીડર્સ:** ૬૬/૧૧ કેવી ખાનવેલ સબસ્ટેશનના બધા એક્સપ્રેસ ફીડર **૬૬ કેવી ગ્રાહક:** મેસર્સ હિન્દાલકો ઈન્ડ. લિ., ખૂટલી |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**



**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

પટલારા તળાવ, પટલારા, મોટી દમણનો વિકાસ

For details please scan | https://ddtenders.gov.in

ટેન્ડર આઈડી નં.: 2026_DAMAN_4825_1
ડાઉનલોડની છેલ્લી તારીખ : 24/06/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 24/06/2026
બિડ ખોલવાની તારીખ : 24/06/2026

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.- જીલ્લા પંચાયત, મોટી દમણ**
No. IP/DMN/2/5/2026-27/250, Dated: 15/06/2026

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણના કડૈયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરકારી પ્રાથમિક શાળા દેવકા તાઈવાડમાં હાલની શાળાની ઈમારતનું સમારકામ અને નવા શૌચાલય બ્લોક અને રંગકામનું કામ. (2nd Call)

For details please scan | https://ddtenders.gov.in

ટેન્ડર આઈડી નં.: 2026_DAMAN_4827_1
ડાઉનલોડની છેલ્લી તારીખ : 24/06/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 24/06/2026
બિડ ખોલવાની તારીખ : 24/06/2026

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.- જીલ્લા પંચાયત, મોટી દમણ**
No. IP/DMN/2/5/2026-27/251, Dated: 15/06/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ
ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

એન્ટ્રી ગેટ, તાડ, દીવના બાહ્ય સ્ટોન ક્લેડીંગ અને અન્ય સંલગ્ન કામોનું નિર્માણ.

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. : 28/2026-2027 (2026_DIUDT_4821_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ --
ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 18/06/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 18/06/2026
બીડ ખોલવાની તારીખ : 18/06/2026

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**
No. IP/DMN/2/5/2026-27/249, Dated: 15/06/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ
ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

દીવના ઘોઘલા ખાતે ડીએમસી માર્કેટ નજીક એફઆરપી બોટ માટે ટોઇંગ મશીન માટે 6 પ્લેટફોર્મનું બાંધકામ (4th Call).

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

ટેન્ડર સુચના નં. તથા ઓળખ ન. : 30/2026-2027 (2026_DIUDT_4833_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ --
ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 23/06/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 23/06/2026
બીડ ખોલવાની તારીખ : 23/06/2026

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**
No. IP/DMN/2/5/2026-27/248, Dated: 15/06/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ
ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

દીવ જિલ્લામાં પીડબ્લ્યુડી રસ્તાઓ માટે રોડ સાઇડ શોલ્ડર વગેરેની સફાઈ સહિત વરસાદી પાણીના ડ્રેઇન અને ક્રોસ ડ્રેઇનના કામોની સફાઈ. (ચોમાસા પહેલાની પ્રવૃત્તિઓ) 4th Call.

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. : 30/2026-2027 (2026_DIUDT_4832_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ --
ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 23/06/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 23/06/2026
બીડ ખોલવાની તારીખ : 23/06/2026

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**
No. IP/DMN/2/5/2026-27/247, Dated: 15/06/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ
ટેન્ડર આમંત્રિત કરવાની સુચના

દીવ ખાતે નાગોઆ સર્કલથી વણકબારા સ્કૂલ સુધીના હાલના રસ્તાની સપાટી પર રોડ પેચવર્ક પૂરું પાડવું (3rd Call).

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

ટેન્ડર સુચના ન. તથા ઓળખ ન. : 29/2026-2027 (2026_DIUDT_4828_1)
પ્રી-બીડ મીટીંગ ની તારીખ --
ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 19/06/2026
ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 19/06/2026
બીડ ખોલવાની તારીખ : 19/06/2026

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**
No. IP/DMN/2/5/2026-27/246, Dated: 15/06/2026

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૧૩૩૯/૨૦૨૫ તા.૧૩/૧૧/૨૦૨૫

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી માનભાવ રઘુભાઈ તુળસીરામભાઈ, રહે. ખિરાડી ફળીયું, વડોલી, તા. કપરાડા, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી
વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી માનભાવ રઘુભાઈ તુળસીરામભાઈના પુત્ર માનભાવ અશ્વિનભાઈ રઘુભાઈનું જન્મ તા.૧૮-૦૮-૨૦૧૮ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૩-૧૧-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો) એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ, કપરાડા

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૬૯૬/૨૦૨૫ તા.૧૩/૧૧/૨૦૨૫

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી વાતાસ દિલીપભાઈ સકારામભાઈ, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી
વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી વાતાસ દિલીપભાઈ સકારામભાઈના પુત્ર આયુષભાઈ દિલીપભાઈ વાતાસનું જન્મ તા.૧૮-૦૫-૨૦૨૨ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૩-૧૧-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો) એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ, કપરાડા

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૬૬૯/૨૦૨૫ તા.૦૭/૦૫/૨૦૨૬

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી વાતાસ સંતોષભાઈ સકારામભાઈ, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી
વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી વાતાસ સંતોષભાઈ સકારામભાઈના પુત્ર સર્વેશભાઈ સંતોષભાઈ વાતાસનું જન્મ તા.૦૪-૧૦-૨૦૧૮ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૭-૦૫-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો) એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ, કપરાડા

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૬૭૨/૨૦૨૫ તા.૦૭/૦૫/૨૦૨૬

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી વાતાસ સંતોષભાઈ સકારામભાઈ, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી
વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી વાતાસ સંતોષભાઈ સકારામભાઈના પુત્રી વંદનાબેન સંતોષભાઈ વાતાસનું જન્મ તા.૧૫-૦૧-૨૦૨૧ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૭-૦૫-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો) એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ, કપરાડા

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક


Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ભિલાડ હાઈવે ઉપર ગમખ્વાર અકસ્માત સર્જાયો: બેફામ ટ્રકે ત્રણ વાહનોને ટક્કર મારી, મહિલાનું મોત

## સેલવાસના આમલી વિસ્તારમાં રહેતા મંજુલાબેન પટેલનું ઘટના સ્થળે મોતઃ અન્ય ઘાયલોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

ભિલાડ નેશનલ હાઈવે ફાટક નજીક આજે સોમવારે ૧૧ કલાકના સુમારે દર્દનાક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બેફામ જતી ટ્રકે ત્રણથી ચાર વાહનોને ટક્કર મારી દેતા વાહનો ફંગોળાયા હતા. અકસ્માતમાં એક મહિલાનું ઘટના સ્થળે મોત થયું હતું તેમજ વિવિધ વાહનોમાં સવાર અન્ય લોકો ઘાયલ થયા હતા. તમામને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

ભિલાડ ફાટક હાઈવે ઉપર સર્જાયેલા અકસ્માતમાં સેલવાસના આમલી વિસ્તારમાં રહેતા મંજુલાબેન બાબુભાઈ પટેલનું દુઃખદ અવસાન થયું હતું. જ્યારે અન્ય કારોમાં સવાર લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. તમામ ઘાયલોને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતના સીસીટીવી કેમેરાના દૃશ્યો મુજબ બેફામ ટ્રક એક કારને ટક્કર મારી દેતા સ્ટેયરીંગ પરનો ચાલકે કાબુ ગુમાવતા અન્ય બે થી ત્રણ કાર-ટેમ્પો સાથે ટ્રક ભટકાઈ હતી. ઘટનાને પગલે વાતાવરણ ગમગીન બન્યું હતું. જો ભિલાડ રેલવે અંડરપાસ સમયસર કાર્યરત હોત તો કદાચ આ દુર્ઘટના અને મહિલાનું મોત ટાળી શકાયુ હોત. સ્થાનિક પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# ઉમરગામના ઝરોલીમાં પર્વતોને ચીરીને ભારતની પ્રથમ બુલેટ ટ્રેનની ૩૫૦ મીટર લાંબી ટનલ બનાવાઈ

## ટનલમાં પ્રથમવાર ટનલહુડ ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે જે હવાનું પ્રેસર કન્ટ્રોલ કરશે





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**


અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી પ્રથમ બુલેટ ટ્રેનની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જેમાં ગુજરાતમાં પ્રથમવાર પર્વતોને ચીરીને ઉમરગામના ઝરોલીમાં ૩૫૦ મીટરની ટનલની અંતિમ કામગીરી પૂર્ણતાના આરે પહોંચી ગઈ છે. આ પ્રોજેક્ટ ગુજરાત સહિત વલસાડ જિલ્લા માટે ગૌરવ સમાન છે.

ઉમરગામના ઝરોલીમાં બુલેટ ટ્રેન પર્વતોને અંદર તૈયર કરાયેલ ટનલ મારફતે પસાર થશે. ૩૦૦ મીટર લંબાઈ ધરાવતી આ ટનલ માટે ભારતમાં પ્રથમવાર ટનલહુડ ટેક્નોલોજી અપ્લાય કરાઈ છે. આ ટેક્નોલોજી હવાનું પ્રેસર નિયંત્રિત કરશે તે માટે ૩૧ મીટર લંબાઈ ધરાવતી ૨૦-૨૦ પ્રેસરની બારીઓ મુકાઈ છે. તેથી અવાજ અને હવાના પ્રેસરને નિયંત્રિત રાખી શકાશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ભારતનો પ્રથમ પ્રોજેક્ટ છે. વડાપ્રધાન મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે અને તે પણ ગુજરાતને મળ્યો છે. ૨૦૨૮ સુધીમાં બુલેટ ટ્રેન દોડતી થઈ જશે. પ્રથમ તબક્કામાં સુરત-બીલીમોરા વચ્ચે ટ્રાયલ રન કરવામાં આવશે. કલાકની ૩૫૦ કી.મી. સ્પીડ બુલેટ ટ્રેન ધરાવે છે.

# વલસાડ તિથલ દરિયા કિનારે સોમવતી અમાસે હજારો શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યાઃ પૂજા-અર્ચના અને યજ્ઞ કર્યા

## પવિત્ર અધિક માસના પૂર્ણાન્તે આવતી અમાસ એટલે સોમવતી અમાસ, જેનો ધાર્મિક મહિમા વધારે છે





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

વલસાડના તિથલ દરિયા કિનારે આજે સોમવારે સોમવતી અમાસ હોવાથી હજારો શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. શ્રધ્ધાળુઓએ શ્રધ્ધાપૂર્વક પૂજા, અર્ચના, યજ્ઞ અને પિતૃતર્પણ કર્યા હતા.

વર્ષભરની તમામ અમાસ કરતા સોમવતી અમાસનો મહિમા હિંદુ શાસ્ત્ર અને સનાતનમાં ખુબ વધારે છે. તેમાં પણ પવિત્ર અધિક માસને અંતે આવતી સોમવતી અમાસનો મહિમા નિરાલો છે. ભગવાન શીવને સમર્પિત સોમવતી અમાસ હોવાથી શિવપૂજા, અર્ચના અને આરતી કરે છે. તેથી આજે તિથલ દરિયા કિનારે વહેલી સવારથી હજારો શ્રધ્ધાળુઓ સોમવતી અમાસની ઉજવણી કરવા ઉમટી પડ્યા હતા. સોમવતી અમાસમાં પિતૃતર્પણનો મહિમા વર્ણવાયો છે તેથી પિતૃતર્પણ પણ શ્રધ્ધાળુઓએ કર્યું હતું. તિથલ દરિયા કિનારે આધ્યાત્મિક અને પવિત્ર વાતાવરણનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

# વલસાડમાં બ્રાઉન હેરોઈન સાથે પંજાબનો એક શખ્શ ઝડપાયોઃ ૫૮ હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

## આરોપી બિક્રમસીંગ કુંદનસીંગ પંજાબના ગામડામાંથી બ્રાઉન હેરોઈન લાવ્યો હતો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૫**

વલસાડ પોલીસ માદક દ્રવ્યોનું વેચાણ નેટવર્ક ઝડપવા માટે ખાસ ઓપરેશન ચલાવી રહી છે જેમાં રોજેરોજ ગાંજા સહિતના માદક દ્રવ્યો ઝડપાતા રહે છે. આજે વલસાડમાં બ્રાઉન હેરોઈન સાથે પંજાબના એક શખ્શને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીના કબજામાથી હેરોઈન રોકડા સહિત કુલ ૫૮૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

પોલીસે આરોપી બિક્રમસીંગ પ્યારાસીંગ જાનેસીંગ ઉ.વ.૪૮ ની ધરપકડ કરી હતી. આરોપી જવડા ક્લન જિલ્લા તરનતારન પંજાબનો હોવાનું પૂછપરછમાં બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન આરોપીના કબજામાં રહેલ ૨.૮૪ ગ્રામ બ્રાઉન હેરોઈન ૨ હજાર રોકડા, મોબાઈલ ફોન તથા આધારકાર્ડ અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. જપ્ત કરાયેલ કુલ કિંમત અંદાજે ૫૮ હજાર ૮૦૦ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પ્રાથમિક પુછપરછમાં આરોપીએ કબુલ્યુ હતું કે, પંજાબના ગામડાના એક શખ્શ પાસેથી હેરોઈન મેળવ્યું હતું. તપાસમાં માદક પદાર્થના તરીકે એક અજાણ્યા વ્યક્તિનું નામ સામે આવ્યું છે. પોલીસે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ આગળની તપાસ હાથ ધરી છે.

# પારડી નગરપાલિકા દ્વારા પારડી તળાવની પાળના શાકભાજી તથા પાથરણા વાળાને જગ્યા ખાલી કરવાની સૂચના બાદ ચોમાસાને લઈ રાહત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૫**

સ્વચ્છતા તથા ટ્રાફિકની સમસ્યા જાળવવાની શરતે પારડી તળાવની પાળ તથા તેમની સામે છેલ્લા કેટલાય વર્ષોથી શાકભાજી અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓના વેચાણ કરતા પાથરણાવાળા અને મંડપ બાંધી ધંધો કરતા લોકોને સ્વચ્છતા અને આડેધડ રોડ પર કરેલા દબાણને લઈ ટ્રાફિકની સમસ્યા થઈ રહી હોય પારડી પાલિકા દ્વારા આવા દબાણ કરનારા તથા પાથરણાવાળાઓને જગ્યા ખાલી કરી હટી જવાની સુચના પારડી નગરપાલિકા દ્વારા આપવામાં આવી હતી.

સૂચનાની ગંભીરતાને લઈ મોટી સંખ્યામાં શાકભાજી અને પાથરણાવાળા મોરચો લઈ પારડી પાલિકા ખાતે પ્રમુખ ચેતનભાઈ નાયકાને રજૂઆત કરવા પહોંચ્યા હતા.

પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકા ચીફ ઓફિસર કોમલબેન ધિનૈયા તથા અન્ય સદસ્ય પ્રણવભાઈ દેસાઈ, મેઘાબેન ભાવસર, ઉષાબેન પટેલ, શિરીષભાઈ પટેલ, યતિનભાઈ પ્રજાપતિ, નાધીરભાઈ શેખ, બીપીનભાઈ પટેલ વિગેરેની ઉપસ્થિતિમાં તમામ પાથરણાવાળા તથા શાકભાજીવાળાઓની રજૂઆતો સાંભળ્યા બાદ હાલમાં શરૂ થઈ રહેલ ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી તમામ પાથરણાવાળા અને શાકભાજીવાળાને ચોમાસુ સુધી રાહત આપવામાં આવી છે પરંતુ સાથે સાથે ગંદકી ન થાય અને સ્વચ્છતા જળવાઈ રહે તથા પોતાનો મંડપ કે પાછળના ભાગે આજુબાજુનો કચરો પોતે જ હટાવી સ્વચ્છતા રાખવી તથા મંડપને રોડ સુધી ન લાવી ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેનું ધ્યાન રાખવાની શરત રાખવામાં આવી હતી અને ચોમાસા બાદ દ્વારા કેબીનો બાંધી આ કેબીનો ફાળવવામાં આવશે હોવાનું જાણવા મળ્યું હતું.

# વાપી મનપા દ્વારા તા.૧૭ થી ૧૯ જૂન સુધી જનકલ્યાણ શિબિર યોજાશે

## વિવિધ ૧૫ જેટલી યોજનાઓ માટે માર્ગદર્શન, અરજી સહાય અને દસ્તાવેજ ચકાસણી કરાશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ,તા.૧૫**

વાપી મહાનગરપાલિકા દ્વારા જન કલ્યાણ શિબિર કાર્યકમનું આયોજન તા.૧૭ થી ૧૯જૂન, ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું છે.

રાજયની પ્રજા સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે તથા આ યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની મુખ્ય યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પી.એમ.સ્વનિધિ યોજના, પી.એમ.સૂર્યઘર યોજના, આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વયવંદના, નમોશ્રી યોજના અને ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ યોજના વગેરે ૧૫જેટલી યોજનાઓ માટે આ શિબિરમાં માર્ગદર્શન, અરજી સહાય અને દસ્તાવેજ ચકાસણી કરવામાં આવશે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મહત્તમ લાભ મળે એમ વાપી મનપાની અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૧૭/૦૬/૨૬ ના રોજ ચલા ઝોન ઓફિસ ચલા દમણ રોડ, વાપી, તા.૧૮/૦૬/૨૬ ના રોજ છીરી વોર્ડ ઓફિસ છીરી, વાપી અને તા.૧૯/૦૬/૨૬ના રોજ ડુંગરા ઝોન કચેરી ડુંગરા વાપી ખાતે સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. અરજદારોને સ્થળ પર યોજનાઓનો લાભ લેવા જરૂરી દસ્તાવેજોમાં આધારકાર્ડ, રેશનકાર્ડ, બેંક પાસબુક તેમજ યોજના અનુસારના દસ્તાવેજો સાથે લઈને આવવા જણાવાયું છે.

રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન



"માનવતા એજ સાચો ધર્મ છે" એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમ**ને વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

**રેડ ક્રોસ-અમદાવાદ**

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્યુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્યુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્યુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

**રેડ ક્રોસ - ગુજરાત**

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઇનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન

છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board, Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.